RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 10-08-2026 | VOL : 12 | Issue : 146 | Page : 8 | Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

આત્મવિશ્વાસ સૌથી મોટી શક્તિ છે. સપનાઓને પાંખો મહેનતથી મળે છે.

3  સુરતમાં E20 પેટ્રોલ સામે રોષનો ભડકો: ટાઉનહોલનો કાર્યક્રમ રદ કરાવવા...

4  સંવિધાન, રજિસ્ટ્રેશન અને 'ગોડમેન' જેવા વસ્ત્રો: RSS સામે...

6  મૃણાલે ક્રિકેટર યશસ્વી સાથે ડેટિંગ પર મૌન તોડ્યું: અફવાઓ તેજ બની

7  સિરાજે સતત ત્રણ છગ્ગા ફટકારીને ભારતને જીતાડ્યું

### રાહુલ ગાંધીએ દેશમાં પેપર લીક અને કથળતી શિક્ષણ વ્યવસ્થા મુદ્દે કેન્દ્ર સરકાર તથા ગૃહમંત્રી પર આકરા પ્રહારો

# અમિત શાહે ગુનાનો જવાબ આપવો જ પડશે: રાહુલ

નવી દિલ્હી

દિલ્હીના રસ્તાઓ પર પોતાના અવાજ અને માંગણીઓ સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા અસહાય વિદ્યાર્થીઓ પર થયેલા નિર્દયી લાઠીચાર્જ અને પૅલેટ ગનના ઉપયોગ બાદ દેશનું રાજકારણ ગરમાયું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ ઘટના પર ભારે આક્રોશ વ્યક્ત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર સીધા પ્રહારો કર્યા છે અને આ સમગ્ર કાર્યવાહીને અક્ષમ્ય ગુનો ગણાવ્યો છે. ઘટના અને રાહુલ ગાંધીના પ્રહારો દેશની રાજધાની દિલ્હીમાં વિદ્યાર્થીઓના એક પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા આકરો બળપ્રયોગ કરવામાં આવ્યો હતો. શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવી રહેલા યુવાનો પર લાઠીઓ વરસાવવામાં આવી અને પૅલેટ ગન જેવા ગંભીર શસ્ત્રોનો ઉપયોગ કરાયો હોવાનો આરોપ છે. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા અને મીડિયા સમક્ષ આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, દિલ્હી જેવા સંવેદનશીલ અને દેશના હૃદયસમા વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આ



પ્રકારની હિંસક કાર્યવાહી અત્યંત નિંદનીય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, “દિલ્હીના રસ્તાઓ પર વિદ્યાર્થીઓ પર લાઠી અને પૅલેટ ગન ચલાવવામાં આવી એ એક બહુ મોટો ગુનો છે અને આ ગુનાનો જવાબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આપવો જ પડશે.” ‘વિદ્યાર્થીઓ દેશની રોશની છે‘ વિદ્યાર્થીઓની સુરક્ષા અને તેમના લોકશાહી અધિકારોના સમર્થનમાં ઉભા રહેતા રાહુલ ગાંધીએ ભાવુક અને મજબૂત સંદેશ આપ્યો હતો. તેમણે ઉમેર્યું કે: “વિદ્યાર્થીઓ આ દેશની અસલી રોશની અને ભવિષ્ય છે. તેમના અવાજને લાઠીઓના જોરે દબાવી શકાય નહીં. હું તેમની સાથે મારી પૂરેપૂરી શક્તિ અને તાકાતથી ઉભો છું.” કેન્દ્ર સરકાર અને ગૃહ મંત્રાલય સામે સવાલો દિલ્હી પોલીસ સીધી કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ આવતી હોવાથી રાહુલ ગાંધીએ ગૃહમંત્રી અમિત શાહની જવાબદારી નક્કી કરી છે. વિપક્ષે સવાલ ઉઠાવ્યો છે કે શા માટે શૈક્ષણિક અને ભવિષ્યની માંગણીઓ લઈને રસ્તા પર ઉતરેલા દેશના યુવાનો સામે આટલી આકરી હિંસક નીતિ અપનાવવામાં આવી રહી છે.

## દેશમાં E20 લાગુ કરવામાં આવી રહ્યું છે, વિરોધ કરનારાઓની પોસ્ટ પણ સો.મીડિયા પરથી હટાવવામાં આવી રહી છે: કેજરીવાલ

નવી દિલ્હી

આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે E20ને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર લોકોને પોતાનો અવાજ ઉઠાવતા રોકી રહી છે. X પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં તેમણે કહ્યું- જે ઈ-20 વિરુદ્ધ અવાજ ઉઠાવે છે, તેનું પેજ ડાઉન કરાવી દે છે. તેનો વીડિયો ડિલીટ કરાવી દે છે. તેના એકાઉન્ટ પર FIR કરાવી દે છે. ગુંડાગીરી કરે છે. જુદી જુદી રીતે તેને પરેશાન કરે છે. તેમણે સવાલ કર્યો કે આ રીતે પીએમ મોદી 140 કરોડ લોકોને કેવી રીતે દબાવી શકશે? કેજરીવાલે X પર પોસ્ટ કરેલા વીડિયોમાં E20ને લઈને કેન્દ્ર પર નિશાન સાધ્યું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને વડાપ્રધાન મોદીની પોલીસ વચ્ચે જંગલમાં છોડવામાં આવેલા સિંહને શોધવાની સ્પર્ધા થઈ. ટ્રમ્પની પોલીસ 24 કલાકમાં સિંહને લઈને આવી ગઈ અને પુતિનની પોલીસ એક કલાકમાં સિંહને શોધી લાવી. પરંતુ, મોદીજીની પોલીસને ઘણા દિવસો લાગી ગયા. શોધખોળ દરમિયાન જાણવા મળ્યું કે તેઓ એક કૂતરાને પકડીને ખરાબ રીતે માર મારી રહ્યા હતા અને તેની પાસેથી કહેવડાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે બોલ હું સિંહ છું.



## CJIને યુનિવર્સિટી ઈવેન્ટમાં ચીફ ગેસ્ટ બનાવવાનો વિરોધ

હૈદરાબાદ

હૈદરાબાદની નેશનલ એકેડમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (NALSAR) યુનિવર્સિટીના લગભગ 450 વિદ્યાર્થીઓએ 2026ના દીક્ષાંત સમારોહમાં CJI સૂર્યકાંતને મુખ્ય અતિથિ બનાવવાનો વિરોધ કર્યો છે. વિદ્યાર્થીઓએ NEET વિવાદ અને તાજેતરના કોકરોચ જનતા પાર્ટીના જંતર-મંતર વિરોધ પ્રદર્શન દરમિયાન બનેલી ઘટનાઓને લઈને આ વાંધો ઉઠાવ્યો છે. 2026 બેચના વિદ્યાર્થીઓના એક જૂથે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, રજિસ્ટ્રાર, ફેકલ્ટી સભ્યો અને વહીવટીતંત્રના અન્ય સભ્યોને પત્ર લખ્યો છે. તેમાં તેમણે ભારતના મુખ્ય ન્યાયાધીશને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવાના નિર્ણય પર ફરીથી વિચાર કરવા અપીલ કરી છે. વિદ્યાર્થીઓએ બંધારણીય જવાબદારીનો હવાલો આપ્યો.

### એક નજર...

**એક્ટ્રેસ ડાયના પેન્ટીએ લિફ્ટમાં આપ્યા ગ્લેમરસ પોઝ**



ડાયના પેન્ટી પોતાની સુંદરતા અને ગ્લેમરસ સ્ટાઈલને કારણે હંમેશા ચર્ચામાં રહે છે. ડાયનાના ચાહકોની સંખ્યા ઘણી લાંબી છે.ડાયના પેન્ટી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને ચાહકોમાં પોતાના વિશેનો ક્રેઝ જાળવી રાખવાની એક પણ તક છોડતી નથી.આ લેટેસ્ટ તસવીરોમાં ડાયના ખુલ્લા વાળ, બ્લેક ઓફ શોલ્ડર ડ્રેસ પહેરીને ઈન્ટરનેટનો પારો હાઈ કરી રહી છે.

### NEWS TRACK

**PoKમાં બેકફૂટ પર શહબાઝ સરકાર, પ્રદર્શનકારીઓને ગણાવ્યા દેશભક્ત, મંત્રણાનું આપ્યું આમંત્રણ**

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK) માં છેલ્લા બે મહિનાથી ચાલતા વિરોધ પ્રદર્શન વચ્ચે શહબાઝ શરીફ સરકારનું વલણ નરમ પડ્યું છે. જે પ્રદર્શનકારીઓને પહેલા કાયદો અને વ્યવસ્થા માટે સવાલ ગણાવવામાં આવતા હતા, તેમને હવે સરકારે 'દેશભક્ત' ગણાવીને મંત્રણાનું આમંત્રણ આપ્યું છે.\ શહબાઝ શરીફના સલાહકાર રાણા સનાઉલ્લાહે એક ચૂંટણી સભા દરમિયાન જણાવ્યું હતું કે, જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) સાથે જોડાયેલા 99 ટકા લોકો 'દેશભક્ત' છે. જો PoKમાં તેમની પાર્ટી PML(N) બે-તૃતિયાંશ બહુમતીથી સરકાર બનાવશે, તો સૌથી પહેલા JAACના પ્રતિનિધિઓ સાથે બેસીને તેમની માંગણીઓ પર ચર્ચા કરવામાં આવશે. અગાઉ PML(N) નો દાવો હતો કે, પ્રદર્શનકારીઓ વચ્ચે પ્રતિબંધિત આતંકી સંગઠન તહરીક-એ-તાલિબાનના લોકો સામેલ છે. પરંતુ હવે સરકારનું આ વલણ દર્શાવે છે કે, તેઓ PoK ના આક્રોશ સામે બેકફૂટ પર આવી ગયા છે.

**માત્ર ગ્લોબલ પોલિસી નહીં ચાલે, ભારતીય કાયદા માનવા જ પડશે: કેન્દ્ર સરકારની મેટાને કડક ચેતવણી**

મેટાને ભારતમાં પોતાના પ્લેટફોર્મ ચલાવવા માટે માત્ર તેની ગ્લોબલ પોલિસી પર નિર્ભર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેણે ભારતીય કાયદાઓનું પણ પાલન કરવું પડશે. મેટા અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) વચ્ચે થયેલી બેઠકો બાદ સરકારી સૂત્રોએ આ વાત સ્પષ્ટ કરી છે. જોકે, અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સરકારે મેટાને તેના એલ્ગોરિધમમાં સંપૂર્ણ ફેરફાર કરવાનો કોઈ નિર્દેશ આપ્યો નથી. કન્ટેન્ટ મોડરેશનમાં ભારતની જરૂરિયાતોનું ધ્યાન રાખવું જરૂરી. સરકારનો મુખ્ય ભાર એ વાત પર છે કે, મેટાની કન્ટેન્ટ પોલિસી, પ્લેટફોર્મ ગાઈડલાઈન્સ અને મોડરેશન સિસ્ટમ ભારતીય કાયદાઓને અનુરૂપ હોય. અધિકારીઓનું કહેવું છે કે, ભારતમાં કન્ટેન્ટ મોડરેશન માટે સ્થાનિક ઈનપુટ વધારવાની જરૂર છે. ખાસ કરીને ભારતીય ભાષાઓ અને સાંસ્કૃતિક બાબતોને સમજવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદેશમાં કામ કરતી ટીમો ઘણીવાર ભારતના સ્થાનિક અને સાંસ્કૃતિક સંદર્ભને સંપૂર્ણ રીતે સમજી શકતી નથી.

# અગ્નિપરીક્ષા 2027: Gen-Z ના આક્રોશ સામે રાજકીય પક્ષો લાચાર, 5% વોટની હેરાફેરીથી તખ્તાપલટ પાક્કો!

## જેન-ઝી આંદોલનની ધમકી અને દિલ્હીથી ગાંધીનગર સુધી રાજકીય હડકંપ

પાક્કો ગુજરાત

ગુજરાત સહિત દેશના રાજકારણમાં અત્યાર સુધી જૂની ફોર્મ્યુલા, જાતિગત સમીકરણો અને પરંપરાગત ભાષણો પર ચૂંટણીઓ જીતાતી હતી. પણ હવે સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ચૂકી છે. તાજેતરમાં વિદ્યાર્થીઓ અને યુવાનોના ઉગ્ર Gen-Z આંદોલનો તથા ડિજિટલ વિરોધ પ્રદર્શનોએ સત્તાધીશોના રાજકીય ગણિત હલાવી મૂક્યા છે. 2027માં ગુજરાત, ઉત્તર પ્રદેશ અને પંજાબ સહિત દેશના 7 મુખ્ય રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. આ મહાજંગમાં સૌથી મોટો એક્સ-ફેક્ટર કોઈ સ્થાપિત સીનિયર નેતા નથી, પરંતુ કુલ મતદાનનો 22% હિસ્સો ધરાવતો ‘Gen-Z‘ એટલે કે નવો યુવા મતદાતા વર્ગ છે.

### માત્ર 5% વોટનું સરકવું અને સ્થાપિત સામ્રાજ્યોનો પત્તાના મહેલની જેમ પતંગ

રાજકીય વિશ્લેષકો અને આંકડાશાસ્ત્રીઓના મતે આ 22% યુવા વોટબેંક અત્યારે સૌથી વધુ અસ્થિર અને નિર્ણાયક મોડમાં છે. જો આ 22% માંથી માત્ર 5% વોટ પણ કોઈ એક તરફ નમી ગયા કે આમતેમ થઈ ગયા, તો અનેક રાજ્યોમાં પ્રચંડ બહુમતી ધરાવતી સરકારો ધારાશાસ્ત્ર થઈ જશે અને તખ્તાપલટ નિશ્ચિત બનશે. આ જ કારણ છે કે તમામ રાજકીય પક્ષો પોતાના જૂના ગણિત બાજુ પર મૂકીને નવી વ્યૂહરચના બનાવવા મજબૂર બન્યા છે.

### પરંપરાગત ભાષણો આઉટ: જેન-ઝીને વાયદા નહીં, સીધું રિઝલ્ટ જોઈએ છે

2000 પછી જન્મેલી આ નવી પેઢી પરંપરાગત વોટબેંક નથી. આ પેઢી સોશિયલ મીડિયા પર સેકન્ડોમાં ફેક્ટ-ચેક કરે છે, સત્ય શોધી લે છે અને નેતાઓ પાસે સીધો હિસાબ માંગે છે. પેપર લીક, બેરોજગારી, મોંઘી શિક્ષણ વ્યવસ્થા અને ડિજિટલ સ્પેસ પરના નિયંત્રણો જેવા મુદ્દાઓ પર Gen-Z નો ગુસ્સો હવે સપાટી પર આવી ગયો છે. ભાજપ (BJP) હોય કે કોંગ્રેસ (Congress), બંને પક્ષો સમજી ચૂક્યા છે કે આ પેઢીને ઈમોશનલ કાર્ડ રમીને દોરવવી અશક્ય છે.

### ભાજપ-કોંગ્રેસની નવી રણનીતિ: કેમ્પસ વોર અને ડિજિટલ કેમ્પેઈન

BJP નું નવું મિશન: કેમ્પેઈનને સંપૂર્ણ ડિજિટાઈઝ કરવું, AI-આધારિત કન્ટેન્ટ વાયરલ કરવું, સ્ટાર્ટ-અપ માર્ગદર્શન અને યુવા કનેક્ટ પ્રોગ્રામ્સ દ્વારા Gen-Z ને સંગઠન સાથે જોડવા.

Congress અને વિપક્ષનો આક્રમક પ્લાન: પેપર લીક અને રોજગારીના મુદ્દાઓ પર રસ્તા પર ઉતરીને આંદોલન કરવું, Youth Congress અને NSUI ને સંપૂર્ણ પાવર આપવો.

**2027નો આખરી નિર્ણય: યુવાનોના દિલ જીતનાર જ સત્તા પર રાજ કરશે**

કેમ્પસથી શરૂ થયેલો આ અસંતોષ હવે સીધો મતદાન મથકો સુધી પહોંચવાની તૈયારીમાં છે. 2027ની ચૂંટણી માત્ર પક્ષીય દાવપેચ પર નહીં, પણ યુવાનો માટે બનાવેલી નીતિઓ પર લડાશે. જે પક્ષ Gen-Z ની આકાંક્ષાઓ પૂરી કરી શકશે તે જ સત્તાના શિખરે બેસશે.




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## અમદાવાદમાં ‘રોડમાં ખાડા’ કે ‘ખાડામાં રોડ’?

# 25 જ દિવસમાં 5,000થી વધુ ફરિયાદોનો વિસ્ફોટ; પશ્ચિમ ઝોન સૌથી વધુ બિસ્માર!

### પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ રિપેરિંગના દાવા ધોવાયા: 4,124 ફરિયાદો કાગળ પર ક્લોઝ કરવાનો AMCનો દાવો કેટલો સાચો?

**અમદાવાદ**

ચોમાસાના પ્રારંભિક વરસાદે જ ‘સ્માર્ટ સિટી’ અમદાવાદના રસ્તાઓની પોલ ખોલી નાખી છે. શહેરમાં ઠેર-ઠેર પડેલા નાની-મોટી સાઈઝના ભયાનક ખાડાઓને કારણે વાહનચાલકોની કમર ભાંગી રહી છે અને દરરોજ અકસ્માતોનું જોખમ તોળાઈ રહ્યું છે. ૧૫મી જુલાઈથી લઈને અત્યાર સુધીના માત્ર ૨૫ જ દિવસમાં જ મનપાના કંટ્રોલ રૂમમાં ૫,૦૧૫ જેટલી ખાડા અને રસ્તા બેસી જવાની ફરિયાદોનો અંબાર લાગ્યો છે. દરરોજ કરોડો રૂપિયાના ટેક્સ ચૂકવતા શહેરીજનો મનપા તંત્રના ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ વહિવટ સામે તીવ્ર રોષ ઠાલવી રહ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ચોપડે નોંધાયેલા આંકડા જ દર્શાવે છે કે શહેરનો કયો વિસ્તાર કેટલો બિસ્માર બન્યો છે:

૧. પશ્ચિમ ઝોન (West Zone): ૮૬૧ ફરિયાદો નોંધાઈ, ૭૩૪ ક્લોઝ - સૌથી વધુ દયનીય સ્થિતિ

૨. દક્ષિણ ઝોન (South Zone): ૮૫૪ ફરિયાદો નોંધાઈ, ૬૮૮ ક્લોઝ - બીજા ક્રમે સૌથી વધુ ફરિયાદો

૩. મધ્ય ઝોન (Central Zone): ૭૮૮ ફરિયાદો નોંધાઈ, ૬૨૧ ક્લોઝ - જૂના શહેરના રસ્તાઓ ધોવાયા

૪. ઉત્તર ઝોન (North Zone): ૭૮૬ ફરિયાદો નોંધાઈ, ૬૩૭ ક્લોઝ - ભૂવા અને ખાડાઓનું સામ્રાજ્ય

૫. ઉત્તર-પશ્ચિમ ઝોન (NW Zone): ૬૫૨ ફરિયાદો નોંધાઈ, ૫૨૭ ક્લોઝ - ટ્રાફિક જામની મોટી સમસ્યા

૬. પૂર્વ ઝોન (East Zone): ૬૧૮ ફરિયાદો નોંધાઈ, ૫૩૮ ક્લોઝ - રસ્તાઓની નબળી ગુણવત્તા

૭. દક્ષિણ-પશ્ચિમ ઝોન (SW Zone): ૪૪૫ ફરિયાદો નોંધાઈ, ૩૭૮ ક્લોઝ - સરખામણીએ ઓછી ફરિયાદો

કુલ આંકડો: ૫,૦૧૫ ફરિયાદો નોંધાઈ, ૪,૧૨૪ ક્લોઝ કરાઈ. હાલ ૩૪૯ જગ્યાએ કામ બાકી છે અને ૨૪૧ જગ્યાએ રિપેરિંગ કામ ચાલી રહ્યું છે.

મનપા તંત્ર એવો બચાવ કરી રહ્યું છે કે ૫,૦૧૫માંથી ૪,૧૨૪ ફરિયાદો નિકાલ કરીને ક્લોઝ કરી દેવાઈ છે. પરંતુ પ્રત્યક્ષ રીતે રસ્તા પર ઉતરો તો ચિત્ર સાવ અલગ છે. નાગરિકોનો આક્ષેપ છે કે અધિકારીઓ માત્ર કાગળ પર કામગીરી બતાવવા માટે ફરિયાદો બંધ કરી દે છે. માત્ર કચરો કે માટી નાખીને ખાડા પુરવાના નાટક કરવામાં આવે છે, જે પહેલા જ વરસાદી પાણીમાં ધોવાઈ જાય છે. હાલમાં પણ ૩૪૯ જગ્યાએ કામ બાકી છે અને ૨૪૧ જગ્યાએ મંથર ગતિએ રિપેરિંગ ચાલી રહ્યું હોવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે.

દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરી, રોડ રિસરફેસિંગ અને પેચવર્ક પાછળ કરોડો રૂપિયાનું બજેટ વાપરવામાં આવે છે. આમ છતાં, સામાન્ય વરસાદમાં જ રસ્તાઓ ધોવાઈ જવા તે કોન્ટ્રાક્ટરો, એન્જિનિયરો અને રાજકારણીઓની મિલીભગત તરફ આંગળી ચીંધે છે.

વિપક્ષે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, ‘મનપા તંત્ર દ્વારા બનાવવામાં આવતા રસ્તાઓ ગેરંટી પિરિયડ પૂરો થાય તે પહેલા જ તૂટી જાય છે. જનતાના ટેક્સના કરોડો રૂપિયા સીધા કોન્ટ્રાક્ટરોના ખિસ્સામાં જઈ રહ્યા છે. મનપાના રોડ-બિલ્ડિંગ વિભાગમાં વ્યાપેલા ભ્રષ્ટાચારના કારણે જ આજે અમદાવાદીઓ જીવના જોખમે વાહનો ચલાવવા મજબૂર બન્યા છે.‘

## ઠાકરાના ચંદાસર ગામે જુગારધામ પર LCBનો દરોડો: લાખોના મુદ્દામાલ સાથે પત્તાપ્રેમીઓ ઝબ્બે

**ઠાસરા**

ઠાસરા તાલુકાના ચંદાસર ગામે ચાલતા ધમધમતા જુગારધામ પર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે અચાનક દરોડો પાડીને મોટી સફળતા મેળવી છે. ગ્રામ્ય વિસ્તારમાં બાતમીના આધારે કરવામાં આવેલી આ કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, LCB ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ચંદાસર ગામની સીમમાં કેટલાક ઈસમો એકઠા થઈને મોટા પાયે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે LCB ની ટીમે વિસ્તારમાં ખાનગી રાહે વોચ ગોઠવી હતી અને યોગ્ય સમય જોઈને જુગારધામ પર દરોડો પાડ્યો હતો.

પોલીસની અચાનક આવેલી ટીમ જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે ચારેય તરફથી ઘેરાબંધી કરીને સ્થળ પરથી જ અનેક પત્તાપ્રેમીઓને ઝડપી પાડ્યા હતા.

આ સફળ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન, ગંજીપત્તા અને વાહનો સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે તમામ આરોપીઓ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ગ્રામ્ય વિસ્તારોમાં શાંતિ ડહોળતા આ પ્રકારના દૂષણો સામે LCB ની આ કાર્યવાહી આવકારદાયક છે. આગામી દિવસોમાં પણ જિલ્લામાં જુગાર અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર આવી જ રીતે કડક નજર રાખવામાં આવશે તેમ પોલીસ સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.

## વિશ્વ આદિવાસી દિવસે વડોદરામાં આદિવાસી સમાજનો શૌર્યનાદ : દિવાળીપુરા કલેક્ટર કચેરીથી નીકળી ભવ્ય બાઈક રેલી

**વડોદરા**

૯ ઓગસ્ટ એટલે કે ‘વિશ્વ આદિવાસી દિવસ’ નિમિત્તે સંસ્કારી નગરી વડોદરા ખાતે આદિવાસી સમાજ દ્વારા પોતાની સંસ્કૃતિ, અસ્મિતા અને શૌર્યની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દિવાળીપુરા સ્થિત કલેક્ટર કચેરી ખાતેથી આદિવાસી સમાજના હજારો યુવાનો અને આગેવાનોની ઉપસ્થિતિમાં એક અતિ ભવ્ય અને પ્રભાવશાળી બાઈક રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. હાથમાં આદિવાસી સમાજના પ્રતીકો અને ગગનભેદી નારાઓ સાથે નીકળેલી આ રેલીએ સમગ્ર વડોદરા શહેરનું વાતાવરણ ઉત્સાહ અને ગૌરવથી ભરી દીધું હતું. રેલી માત્ર એક ઉત્સવ નહોતો, પરંતુ પોતાના હક્ક, જળ, જંગલ અને જમીન માટે શહીદ થયેલા ક્રાંતિવીરોને ભાવાંજલિ આપવાનો એક પવિત્ર અવસર હતો. રેલીમાં જોડાયેલા સમાજના આગેવાનો અને યુવાનોએ ભગવાન બિરસા મુંડા, આદિવાસી ક્રાંતિના મશાલચી ગોવિંદ ગુરુ, ક્રાંતિવીર તાંત્યા ભીલ અને બાબા નારાયણ સિંહ જેવા પૂજનીય લડવૈયાઓ અને ક્રાંતિકારીઓને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. જેમણે અંગ્રેજોની ગુલામી સામે આદિવાસી સમાજની સુરક્ષા અને સ્વમાન માટે પોતાના બલિદાન આપ્યા હતા, તે ક્રાંતિકારીઓના પરાક્રમોને યાદ કરીને સમાજે તેમના વિચારો પર ચાલવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. દિવાળીપુરા કલેક્ટર કચેરીથી શરૂ થયેલી આ બાઈક રેલી વડોદરાના વિવિધ મુખ્ય વિસ્તારો અને માર્ગો પર ફરી હતી.

## દેવગઢ બારિયામાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી

# બસ સ્ટેન્ડ વિસ્તારમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ, ઢોલ નગારાના તાલે ભવ્ય રેલી યોજવામાં આવી

**દેવગઢ બારિયા, જાબીર શુક્લા**

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે દેવગઢ બારિયા તાલુકા મથકે આદિવાસી સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આદિવાસી સમાજના પ્રેરણાસ્ત્રોત ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

બસ સ્ટેન્ડ વિસ્તારમાં યોજાયેલા પ્રતિમા અનાવરણ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ, સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ આદિવાસી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિમાનું અનાવરણ થતાં ઉપસ્થિત લોકોએ ભગવાન બિરસા મુંડાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે યોજાયેલી ભવ્ય રેલીમાં આદિવાસી સમાજના અગ્રણીઓ, યુવાનો અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. પરંપરાગત આદિવાસી પહેરવેશમાં સજ્જ લોકો ઢોલ નગારાં સહિતના પરંપરાગત આદિવાસી વાદ્યોના તાલે વાજતે ગાજતે રેલીમાં જોડાયા હતા.

રેલી નગરના વિવિધ માર્ગો પરથી પસાર થતાં સમગ્ર દેવગઢ બારિયા નગરમા’જય જોહાર, જય આદિવાસી’ના નારાથી ગુંજી ઉઠ્યું હતું. આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને એકતાની ઝલક રેલી દરમિયાન જોવા મળી હતી. વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે દેવગઢ બારિયા તાલુકાના વિવિધ વિસ્તારોમાં પણ ઠેર ઠેર કાર્યક્રમોનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આદિવાસી સમાજમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો.



## છોટાઉદેપુરમાં વિશ્વ આદિવાસી દિવસની શાનદાર ઉજવણી

**છોટાઉદેપુર**

છોટાઉદેપુર જિલ્લો 90% આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે છોટાઉદેપુર જિલ્લામાં આજરોજ 9 ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે તેના ભાગરૂપે આજરોજ આદિવાસી સમુદાય દ્વારા નગરમાં તથા જિલ્લામાં વિવિધ જગ્યા પર આવેલા આદિવાસી મસીહા બિરસા મુંડાની પ્રતિમા ને ફૂલહાર કરી તેમજ વિધિ વિધાન અને પરંપરાગત રીતે આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

આજરોજ 9 ઓગસ્ટ વહેલી સવારથી સમગ્ર આદિવાસી પંથકમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ભારે હર્ષ ઉલ્લાસ ગર્વ અને ધામ ધૂમ પૂર્વક કરવામાં આવી રહી છે. જ્યારે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના સાત તાલુકામાં આદિવાસીઓ ભારે ઉમંગ ઉત્સાહ સાથે નાચ ગાન કરતાં જોવા મળી રહ્યા છે. જેના ભાગરૂપે છોટાઉદેપુર



નગરમાં આજરોજ ભવ્ય બનેલી નીકળી હતી તે નગરમાં રાજમાર્ગો પર કરી હતી અને આદિવાસી પરંપરા મુજબ નાચ ગાન સાથે નીકળેલી રેલીએ નગરમાં આકર્ષણ જમાવ્યું હતું

## અંબાજી બોર્ડર પર ટ્રિપલ અકસ્માતમાં 3 ઘાયલ : બે ટ્રેલર વચ્ચે કાર ચગદાઈ

**ઈડર, જાકીર મેમણ**

શીતળા માતા ઘાટી પાસે 3 km ટ્રાફિક જામ થયો અંબાજી નજીક ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર આવેલી શીતળા માતાની ઘાટી પાસે મોડી રાત્રે માર્બલ બ્લોક ભરેલા બે ટ્રેલર અને એક સ્વિફ્ટ કાર વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં સ્વિફ્ટ કાર બે ટ્રેલર વચ્ચે દબાઈ જતાં ત્રણેય વાહનોના ચાલકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્તોને ઈમરજન્સી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

અકસ્માત બાદ 3 km સુધી જામઅકસ્માતના કારણે હાઈવે પર 2 થી 3 km સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. આ માર્ગ અત્યંત સાંકડો, તીવ્ર ઢોળાવ અને વળાંકવાળો હોવાથી અહીં અવારનવાર અકસ્માતો સર્જાતા રહે છે. ખાસ કરીને માર્બલના ભારે પથ્થરો ભરેલા લાંબા ટ્રેલરો માટે આ ઘાટીનો વિસ્તાર અકસ્માત સંભવિત ઝોન બની ગયો છ ઈમરજન્સી ટીમોએ ટ્રાફિક પૂર્વવત કર્યોઘટના અંગે જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અંબાજી પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. રાહત અને બચાવ કામગીરી હાથ ધરીને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. પોલીસે ક્રેન અને અન્ય સાધનોની મદદથી રસ્તા પરથી વાહનો હટાવી ટ્રાફિક સુચારૂરૂપે શરૂ કરાવ્યો હતો.

# ગુજરાતમાં આશા વર્કર અને ફેસિલિટર બહેનોનું જંગી આંદોલન : તમામ જિલ્લા મથકો પર યોજાશે વિરોધ કાર્યક્રમો

### આંદોલનકારી બહેનોએ સરકારને સ્પષ્ટ ચીમકી આપી છે કે, આ તો માત્ર આંદોલનની શરૂઆત છે અને જ્યાં સુધી તેમની તમામ વાજબી માગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી લડત ચાલુ રહેશે

**ગાંધીનગર**

ગુજરાતમાં આશા વર્કર અને ફેસિલિટર બહેનોએ પોતાની પડતર વિવિધ માગણીઓને લઈને આજે વિરોધનું બ્યુગલ ફૂંક્યું છે. સીઆઈટીયુ (CITU) તથા ગુજરાત રાજ્ય હેલ્થ વર્કર યુનિયનના નેજા હેઠળ હજારો બહેનો રસ્તા પર ઉતરી આવી હતી અને સરકાર સામે ઉગ્ર પ્રદર્શન કર્યું હતું. આશા વર્કર અને ફેસિલિટર બહેનોને ફિક્સ પગારદાર ગણવા, લઘુતમ વેતન આપવું, નિવૃત્તિ સમયે પેન્શન આપવું તથા ડિજિટલ કામગીરી માટે સરકારી મોબાઈલ ફોન ફાળવવાની મુખ્ય માંગણીઓ સાથે આ આંદોલન શરૂ કરાયું છે. આંદોલનકારી બહેનોએ આક્ષેપ કર્યો છે કે, આરોગ્ય ક્ષેત્રે દિવસ-રાત સેવા આપવા છતાં તેમને લઘુતમ વેતન કરતાં પણ ઓછું વળતર આપવામાં આવે છે. બહેનોએ કામગીરી દરમિયાન



અપાતી ધમકીઓ, તપાસ અને માનસિક દબાણ બંધ કરવાની માગ કરી છે. કોરોના કાળ દરમિયાન રસીકરણથી લઈને તમામ આરોગ્યલક્ષી કામગીરીમાં મહત્વની ભૂમિકા ભજવનાર આશા વર્કરો હવે પોતાના સન્માનજનક વેતન અને કાયમી સામાજિક સુરક્ષાના હક માટે મેદાનમાં ઉતરી છે. આંદોલનકારી બહેનોએ સરકારને સ્પષ્ટ ચીમકી આપી છે કે, આ તો માત્ર આંદોલનની શરૂઆત છે અને જ્યાં સુધી તેમની તમામ વાજબી માગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી લડત ચાલુ રહેશે. આ વિરોધ પ્રદર્શનના ભાગરૂપે આવતીકાલે ગુજરાતના તમામ જિલ્લા મથકો પર પણ આશા વર્કર અને ફેસિલિટર બહેનો દ્વારા ધરણાં અને વિરોધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે. હજારો બહેનોની એક જ માગ છે કે, તેમને સન્માનજનક રોજી, યોગ્ય સાધનો અને નિવૃત્તિ બાદ સુરક્ષા આપવામાં આવે.

## ભાયાવદર પોલીસનો સપાટો

# આનંદનગરમાં ધાબા પર ચાલતી વિદ્યાર્થિનીને સિક્યોરિટી ગાર્ડે ગળું દબાવી દુષ્કર્મ આચર્યું...!

**અમદાવાદ**

અમદાવાદના આનંદનગર PGમાં ઈન્ટિરિયર ડિઝાઈનિંગની વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે.

6-7 દિવસ પહેલાં જ નોકરીએ લાગેલા યુપીના સિક્યોરિટી ગાર્ડ ધર્મસિંહ રામશંકરસિંહ સિંહે રાત્રે ધાબા પર ગયેલી વિદ્યાર્થિનીના ગળે વાયરનો ટૂંપો દઈ દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. આનંદનગર વિસ્તારમાં આવેલા એક પેઈંગ ગેસ્ટ (PG)માં રહેતી ઈન્ટિરિયર ડિઝાઈનિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થિની પર સિક્યોરિટી ગાર્ડ દ્વારા દુષ્કર્મ આચવામાં આવ્યું હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે.

માત્ર છ-સાત દિવસ પહેલાં જ નોકરી પર રખાયેલા ઉત્તર પ્રદેશનો આરોપી રાત્રિના સમયે ધાબા પર ચાલવા ગયેલી વિદ્યાર્થિનીના ગળે




વાયરનો ટૂંપો દઈને દુષ્કર્મ આચર્યું હતું.

પોલીસે આ મામલે આરોપીની ધરપકડ કરી લીધી છે અને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારની એક સોસાયટીમાં સિક્યોરિટી ગાર્ડ દ્વારા જ વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરવામાં આવ્યાની ગંભીર ઘટના સામે આવી છે. ધાબા પર ચાલવા ગયેલી વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરવા મામલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી ધર્મસિંહ રામશંકરસિંહને હેબતપુર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. ભોગ બનનાર વિદ્યાર્થિની રાત્રિના સમયે સોસાયટીના ધાબા ચાલવા પર ગઈ હતી. આ દરમિયાન સોસાયટીનો સિક્યોરિટી ગાર્ડ ત્યાં પહોંચી ગયો હતો અને ધાબાનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો.

ત્યારબાદ આરોપીએ વિદ્યાર્થિનીનું વાયરથી ગળું દબાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને વિદ્યાર્થિની ધાબા પર જ લોક કરીને આરોપી ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ યુવતીએ મદદ માટે બૂમાબૂમ કરતાં નીચે રહેતા મકાનમાલિકો ઉપર દોડી આવ્યા હતા અને દરવાજો ખોલી પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, LCB ઝોન-7 અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની 10થી વધુ ટીમો બનાવી આખા વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા ગાંધીનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા પગલાં લેવાયાં

**ગાંધીનગર**

ગાંધીનગર શહેરમાં ચોમાસામાં ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઇ હતી. ત્યાર બાદ પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. હવે વરસાદે વિરામ લીધો છે ત્યારે શહેરમાં અમુક જગ્યાએ વરસાદી પાણી ભરાવાથી કાદવકીચડ વધુ થતો હોય તેવી જગ્યા તેમજ રહેણાક વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળો ન થાય તે માટે પાલિકા દ્વારા શહેરમાં ફોર્ગિંગ શરૂ કરાયું છે. પાલિકાના આરોગ્ય સમિતિના ચેરમેન ડો. રાકેશભાઈ ગોસ્વામીની ઉપસ્થિતિમાં આ કામગીરી કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ માણસા શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાની શક્યતાને ધ્યાનમાં રાખીને નગરપાલિકા દ્વારા ફોગિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સાવચેતીના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. મચ્છરોના ઉપદ્રવને નિયંત્રણમાં લેવા માટે નગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ફોગિંગ કરવામાં આવ્યું હતું. માણસા નગરપાલિકાની આરોગ્ય સમિતિના ચેરમેન ડો. રાકેશભાઈ ગોસ્વામીએ સ્થળ પર ઉપસ્થિત રહી આરોગ્ય વિભાગની ટીમ સાથે કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

## બે વખત મોકૂફ રહ્યા બાદ GPSCની પ્રિલિમિનરી પરીક્ષા યોજાઈ:34 સંવર્ગની ભરતી માટે 50 હજારથી વધુ ઉમેદવાર

### પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારોને કોલ લેટર અને માન્ય ફોટો આઇડીની ચકાસણી બાદ પ્રવેશ આપવામાં આવ્યો હતો, પ્રવેશ પહેલાં ઉમેદવારોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું

**અમદાવાદ**

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વિવિધ વર્ગ-1 અને વર્ગ-2ની ભરતી માટે પ્રિલિમિનરી પરીક્ષા યોજવામાં આવી હતી. અગાઉ એક ઓગસ્ટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ ભારે વરસાદના કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. જેમાં ફેરફાર કરીને આજે પરીક્ષા યોજવામાં આવી હતી. અલગ અલગ 34 સંવર્ગની ભરતી માટે 50 હજાર કરતા વધુ વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા કરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો છે.

GPSC દ્વારા જાહેર કરાયેલા સુધારેલા કાર્યક્રમ મુજબ આજે 11થી બપોરે 12 વાગ્યા સુધી પરીક્ષા યોજાઈ હતી. જેમાં પશુ ચિકિત્સા અધિકારી, નર્સિંગ સેવા, મહિલા અને બાળ અધિકારી, જનરલ મેનેજર-ડેપ્યુટી જનરલ મેનેજર, મદદનીશ ઈજનેર, સંશોધન અધિકારી, ભૂસ્તરશાસ્ત્રી, એસ્ટેટ અધિકારી, લીગલ ઓફિસર, વેલ્યુએશન ઓફિસર, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી સહિત વિવિધ વર્ગ-1 અને વર્ગ-2ની જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ હતી.

ગુજરાત વહીવટી સેવા વર્ગ-1, ગુજરાત સિવિલ સર્વિસ વર્ગ-1 અને વર્ગ-2 તથા ગુજરાત મ્યુનિસિપલ ચીફ ઓફિસર સર્વિસ વર્ગ-2ની જગ્યાઓની ભરતીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર અને ગ્રામ્યના 155 સેન્ટર પર 1580 બ્લોકમાં 37 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી.

પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારોને કોલ લેટર અને માન્ય ફોટો આઈડીની ચકાસણી બાદ પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશ પહેલાં ઉમેદવારોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું, જેમાં કોલ લેટર પરની વિગતો અને ફોટો આઈડીમાં રહેલી માહિતીની ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ ઉમેદવારો પાસે કોઈ મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, ઈલેક્ટ્રોનિક ગેજેટ કે પરીક્ષામાં પ્રતિબંધિત અન્ય સામગ્રી છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી હતી.

### "E20 હટાવો... દેશ બચાવો"ના નારાથી ગૂંજી ઉઠ્યું સુરત!

# E20 પેટ્રોલ સામે રોષનો ભડકો: ટાઉનહોલનો કાર્યક્રમ રદ કરાવવા છતાં જનતાનો ભારે આક્રોશ

જો લોકો શાંતિપૂર્ણ રીતે ટાઉનહોલમાં પોતાની સમસ્યા રજૂ કરવા માંગતા હતા, તો કાર્યક્રમની પરવાનગી રાતોરાત રદ કરાવવાની જરૂર કેમ પડી?



સુરત

અમદાવાદ બાદ હવે દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર સુરતમાં E20 (૨૦% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલ સામે વિરોધનો વંટોળ ઊભો થયો છે. વાહનોના એન્જિન બગાડતા અને માઈલેજ ઘટાડતા E20 ઈંધણ સામે જનતામાં ભભૂકી રહેલા આક્રોશને વાચા આપવા માટે આજે સુરત ખાતે એક વિશાળ ટાઉનહોલનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ જન-આંદોલનનો અવાજ દબાવવા માટે શાસક પક્ષ દ્વારા રાતોરાત કમ્યુનિટી હોલની પરવાનગી રદ કરી દેવામાં આવી હોવાના આક્ષેપો સાથે ભારે વિવાદ સર્જાયો છે. મળતી વિગતો અનુસાર, સ્થાનિક નાગરિકો અને વાહનચાલકો એકત્ર થઈને E20 પેટ્રોલના ગંભીર પરિણામો અંગે અવાજ ઉઠાવી ન શકે તે માટે શાસક પક્ષ ભાજપના દબાણ હેઠળ રાત્રે જ કમ્યુનિટી હોલની મંજૂરી રદ કરી દેવામાં આવી હતી. તંત્રના આ મનસ્વી વલણ છતાં, મોટી સંખ્યામાં જાગૃત નાગરિકો, વાહનચાલકો અને વિરોધકર્તાઓ એકઠા થયા હતા. સભાખંડના દરવાજા બંધ કરી દેવાયા હોવા છતાં લોકોએ ખુલ્લામાં "E20 હટાવો દેશ બચાવો"ના ગગનભેદી નારા લગાવીને પોતાનો સણસણતો વિરોધ નોંધાવ્યો હતો. E20 પેટ્રોલને કારણે વાહનોના ફ્યુઅલ પંપ, એન્જિન અને પાઈપોમાં થતા નુકસાન અંગે માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાં વાહનચાલકો રસ્તા પર ઉતરી રહ્યા છે. સામાન્ય માણસની લોહી-પસીનાની કમાણીથી ખરીદેલા વાહનો બગડી રહ્યા છે અને માઈલેજ ઓછું મળતાં પેટ્રોલનો ખર્ચ વધી રહ્યો છે. આમ છતાં, કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા આ અંગે કોઈ નક્કર સ્પષ્ટતા કે સંતોષકારક જવાબ આપવામાં આવી રહ્યો નથી. લોકશાહીમાં અવાજ દબાવવાનો પ્રયાસ કેમ? જો લોકો શાંતિપૂર્ણ રીતે ટાઉનહોલમાં પોતાની સમસ્યા રજૂ કરવા માંગતા હતા, તો કાર્યક્રમની પરવાનગી રાતોરાત રદ કરાવવાની જરૂર કેમ પડી? તંત્ર કેમ અજાણ બને છે? જ્યારે દેશભરમાંથી ઈથેનોલ મિશ્રિત ઈંધણ સામે ફરિયાદોનો અંબાર લાગ્યો છે, ત્યારે સરકાર આ વિરોધ પાછળના વાસ્તવિક કારણોની નોંધ કેમ નથી લેતી?

## 200 કરોડના કૌભાંડમાં વાયરલ ઓડિયો ક્લિપથી ખળભળાટ: ધમકીના દાવા સામે ઊભો થયો મોટો યક્ષપ્રશ્ન!

ગાંધીનગર

ગુજરાતમાં વધુ એક મોટું નાણાકીય કૌભાંડ અને છેતરપિંડીનો મામલો સપાટી પર આવ્યો છે. મિતેશ પટેલ સાથે જોડાયેલા કથિત ૨૦૦ કરોડ રૂપિયાના મોટા વ્યવહાર અને છેતરપિંડીના સનસનાટીભર્યા મામલામાં હવે એક કથિત ઓડિયો ક્લિપ વાયરલ થતાં સમગ્ર કિસ્સામાં નવો વળાંક આવ્યો છે. આ વાયરલ ઓડિયો ક્લિપમાં મિતેશ પટેલ દ્વારા પોતાના એનઆરઆઈ (NRI) મિત્રને ધમકી આપવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. મળતી પ્રાથમિક વિગતો અનુસાર, ૨૦૦ કરોડ રૂપિયાના મોટા કથિત લેવડ-દેવડ અને છેતરપિંડીના વિવાદ વચ્ચે આ ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર અને વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બની છે. આક્ષેપ છે કે નાણાકીય હિસાબ-કિતાબ અને કથિત છેતરપિંડીના મુદ્દાને લઈને વાટાઘાટો દરમિયાન એનઆરઆઈ મિત્રને પરિણામ ભોગવી લેવાની કે કાનૂની/અન્ય ધમકીઓ આપવામાં આવી છે. આ ઓડિયો સામે આવ્યા બાદ બિઝનેસ અને રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. આ કેસમાં કરોડો રૂપિયાના રોકાણ કે કથિત વ્યવહાર પાછળ કોણ-કોણ સામેલ છે અને આટલી મોટી રકમની ગડબડ કઈ રીતે થઈ, તે અંગે પણ અનેક અટકળો વહેતી થઈ છે. એનઆરઆઈ મિત્ર સાથે થયેલી કથિત છેતરપિંડીના આક્ષેપો બાદ હવે તપાસ એજન્સીઓ કે પોલીસ સુધી આ મામલો પહોંચે છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

### મહેમદાબાદના ઘોડાસરમાં ઉદ્યોગોની દાદાગીરી

## પ્રદૂષણનું ઝેર ઓકીને રૂ.1 કરોડથી વધુનો વેરો ડબાવી બેઠા, ગ્રામજનોમાં ભારે આક્રોશ

ખેડા

ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકામાં આવેલા ઘોડાસર ગામમાંથી એક સનસનાટીભર્યો અને સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા છતી કરતો કિસ્સો સામે આવ્યો છે. ઘોડાસર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી ૧૧થી વધુ ઔદ્યોગિક કંપનીઓ સામે ગ્રામજનોએ ગંભીર આક્ષેપો કર્યા છે. આ કંપનીઓ એક તરફ ગામમાં હવા અને જમીનનું ભયાનક પ્રદૂષણ ફેલાવી રહી છે અને બીજી તરફ ગ્રામ પંચાયતનો રૂ. ૧ કરોડથી વધુનો વેરો ચુકવવામાં ઠાગાઠૈયા કરી રહી હોવાનો સણસણતો દાવો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યો છે. મળતી વિગતો અનુસાર, ઘોડાસર ગામની આસપાસ ધમધમતા આ ઔદ્યોગિક એકમો દ્વારા કોઈ પણ જાતના ડર વગર ઝેરી ધુમાડો અને કેમિકલયુક્ત દૂષિત પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે ગામની ફળદ્રુપ જમીન વેરાન બની રહી છે અને માટીમાં ઝેર ભળી રહ્યું છે. સાથોસાથ દૂષિત હવાને કારણે સ્થાનિક રહીશો તેમજ માસૂમ બાળકો શ્વાસ અને ચામડીના ભયાનક રોગોનો ભોગ બની રહ્યા છે. ગામના પર્યાવરણનો સોથ વાળી દેનારા આ ઉદ્યોગો પોતાની સામાજિક અને કાનૂની જવાબદારી ભૂલીને બેફામ બન્યા છે. વધુમાં ચોંકાવનારી બાબત તો એ છે કે, જે ગામના સંસાધનોનો ઉપયોગ કરીને આ કંપનીઓ કરોડોનો વેપાર કરે છે, તે જ ઘોડાસર ગ્રામ પંચાયતનો રૂ. ૧ કરોડથી પણ વધુનો ટેક્સ બાકી રાખીને બેઠી છે. ગામના વિકાસ માટે વપરાનારી આટલી મોટી રકમ દબાવીને બેઠેલા ઉદ્યોગપતિઓ સામે પંચાયત કે ઊંચા અધિકારીઓ દ્વારા કડક વસૂલાત કેમ કરવામાં આવતી નથી, તે એક મોટો યક્ષપ્રશ્ન છે. શું તંત્ર આ ઉદ્યોગપતિઓની રહેમનજર હેઠળ કામ કરી રહ્યું છે કે પછી કોઈ મોટા હપ્તાખોરીના ખેલ ચાલી રહ્યા છે, તેવા આકરા પ્રશ્નો હવે ગ્રામજનો પૂછી રહ્યા છે.

પર્યાવરણ અને સ્થાનિક સંસ્થાઓના હક પર ત્રાપ મારતા આ બેફામ બનેલા એકમો સામે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) અને મહેસુલી તંત્ર તાત્કાલિક ધોરણે કડક હાથે કામગીરી કરે તેવી લોકમાગ ઉઠી છે. જો આ પ્રદૂષણ ફેલાવતી અને વેરો ન ભરતી કંપનીઓ સામે સીલ મારવાની કે વીજ જોડાણ કાપવાની ત્વરિત કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં ઘોડાસરના ગ્રામજનો ઉગ્ર આંદોલનના એંધાણ આપી રહ્યા છે.

## દહેગામના અમરાભાઈના મુવાડા ગામે ગૌચરમાં જુગાર રમી રહેલા 5 ઝડપાયા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના અમરાભાઈના મુવાડા ગામથી રબારીની મુવાડી તરફ જતા રોડ ઉપર આવેલી ગોચરની ખુલ્લી જગ્યામાં દહેગામ પોલીસે રેડ કરી જુગાર રમતા 5 શખસને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રોહીબિશન અને જુગારની પ્રવૃત્તિ નાબૂદ કરવા દહેગામ પોલીસને પરિણામલક્ષી કામગીરી કરવા સૂચના અપાઈ હતી. આ સૂચનાના અનુસંધાને સર્વેલન્સ સ્ક્વોડની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે અમરાભાઈના મુવાડા ગામની ગોચરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ભેગા મળી જુગાર રમી-રમાડી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે બાતમીવાળા સ્થળે રેડ કરી જાહેરમાં જુગાર રમતા ભીખુસિંહ પુંજસિંહ ચૌહાણ, કનકસિંહ બાદરસિંહ, રામસિંહ જુગતસિંહ ચૌહાણ, છત્રસિંહ બાદરસિંહ ચૌહાણ તેમજ રમેશકુમાર અંબાલાલ પટેલ તમામ (રહે- અમરાભાઈનાં મુવાડા તાલુકો દહેગામ)ને કુલ રૂપિયા 10,540ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### શિક્ષણ ધામ કે આકાશી 'વહેવાર'નું કેન્દ્ર?

## સુરતની શાળા કે સરકારી નીતિઓનો ગુંજતો સડો: જ્યાં દેશનું ભવિષ્ય ઘડાય છે ત્યાં જ જોખમનો ખેલ

સુરત

જે સુરતને આપણે આર્થિક પાટનગર અને સ્માર્ટ સિટી તરીકે ઓળખીએ છીએ, તે જ સુરતમાંથી શિક્ષણ જગતને શરમસાર કરતી અને બાળકોના ભવિષ્ય સામે કાળો દાગ લગાવતી ભયાનક વાસ્તવિકતા સામે આવી છે.

સુરતની એક શાળાની એવી દયનીય અને જોખમી સ્થિતિ જોવા મળી છે જેને જોઈને કોઈપણ વાલીના રવાંડા ઊભા થઈ જાય. જે શાળાઓના વર્ગખંડોમાં દેશનું ભવિષ્ય ઘડાવું જોઈએ, ત્યાં માસૂમ બાળકો અત્યંત અસુરક્ષિત, ગંદકીભર્યા અને ભયજનક વાતાવરણમાં બેસીને ભણવા મજબૂર બન્યા છે. ત્યારે સવાલ એ થાય છે કે શું આ રીતે તૈયાર થશે દેશનું ભવિષ્ય?



સૌથી મોટો અને સણસણતો સવાલ એ ઊભો થાય છે કે શિક્ષણ વિભાગના એસી રૂમમાં બેસતા જવાબદાર અધિકારીઓને આ અંધેર નગરી આજદિન સુધી કેમ દેખાઈ નહીં? શું શિક્ષણ અધિકારીઓ દ્વારા શાળાઓનું માત્ર કાગળ પર જ 'નિરીક્ષણ' થાય છે? જે શાળામાં પાયાની સુવિધાઓનો અભાવ હોય, બાળકો માટે સુરક્ષિત કે સ્વચ્છ વાતાવરણ ન હોય, તેવી શાળા ચલાવવા માટે અત્યાર સુધી કેટલો ગેરકાયદેસર 'વહેવાર' અને હપ્તાખોરીનો ખેલ ખેલાયો હશે? શું વાલીઓની લોહી-પસીનાની કમાણીમાંથી મોટી ફી ઉઘરાવતા શાળાના ટ્રસ્ટીઓ માત્ર પોતાના ખિસ્સા ભરવામાં જ મશગૂલ છે?

શિક્ષણ એ માત્ર પુસ્તકોના પાના ફેરવવા કે પરીક્ષાઓ લેવાનું નામ નથી. બાળકોને એક સુરક્ષિત, સ્વચ્છ અને ઉત્સાહવર્ધક વાતાવરણ પૂરું પાડવું એ પણ એટલું જ અનિવાર્ય છે. બાળકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા સાથે થઈ રહેલા આ ખુલ્લા ચેડાં સામે હવે મૌન રહેવું ગુનો છે. આજે જો કોઈ મોટી દુર્ઘટના સર્જાય કે કોઈ માસૂમ બાળકનો જીવ જોખમમાં મુકાય તો એની જવાબદારી કોની?

### વિકાસની મોટી વાતો વચ્ચે VVIP VIP સંસ્કૃતિ અને પાયાના શિક્ષણનું કડવું સત્ય

## 571 કરોડના વિદેશ પ્રવાસ, 8 હજાર કરોડના વીવીઆઈપી વિમાન, પણ માસૂમ બાળકો માટે નથી યોગ્ય ભોજન કે પુલ!

ગાંધીનગર

દેશને 'વિશ્વગુરુ' બનાવવાના દાવાઓ વચ્ચે સરકારી તંત્રની પ્રાથમિકતાઓ પર હવે સણસણતા સવાલો ઊભા થઈ રહ્યા છે. તાજેતરમાં સામે આવેલા આંકડાઓ મુજબ, વડાપ્રધાનના વિદેશ પ્રવાસો અને તેમના ઉપયોગ માટે ખરીદાયેલા બોઈંગ વીવીઆઈપી વિમાનો પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો છે. પરંતુ બીજી તરફ, જે શાળાઓમાં દેશનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે તે સરકારી શાળાઓમાં બાળકોના પાયાના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં નિષ્ફળતા મળી રહી છે. તાજેતરમાં સંસદમાં રજૂ થયેલી વિગતો અનુસાર, વડાપ્રધાનના વિદેશ પ્રવાસો પાછળ ૫૭૧ કરોડ રૂપિયાથી વધુ રકમ ખર્ચવામાં આવી હોવાના આંકડા સામે આવ્યા છે. આ ઉપરાંત દેશના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાનની સુરક્ષા અને મુસાફરી માટે અંદાજે ૮,૪૦૦ કરોડ રૂપિયાની આકરી કિંમતે અદ્યતન 'એર ઈન્ડિયા વન' બોઈંગ ૭૭૭-૩૦૦ઈઆર (Boeing 777) વિમાનો ખરીદવામાં આવ્યા છે. તંત્ર જ્યારે વડાપ્રધાનના પ્રવાસો અને વીઆઈપી સુવિધાઓ માટે કરોડો રૂપિયા સરળતાથી મંજૂર કરે છે, ત્યારે સરકારી શાળાઓની દયનીય સ્થિતિ જોઈને દેશની જનતામાં ભારે રોષ વ્યાપ્યો છે: દેશની અનેક સરકારી શાળાઓમાં ગરીબ અને સામાન્ય પરિવારના બાળકોને આપવામાં આવતા મધ્યાહન ભોજન (Mid-Day Meal) માં નબળી ગુણવત્તા, ગંદકી અને પૂરતા પોષણના અભાવની ફરિયાદો સતત સામે આવે છે. ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ બાળકોને ભણવા જવા માટે રસ્તા કે નદી પર પુલ ન હોવાને કારણે નદી-નાળાં તરીને કે થર્મોકોલના તરાપા પર બેસીને જીવના જોખમે શાળાએ જવું પડે છે. જ્યારે દેશનો સરેરાશ નાગરિક મોંઘવારી અને બેરોજગારી સામે લડી રહ્યો હોય, અને શાળાએ જતા માસૂમ બાળકોને સુરક્ષિત રસ્તો કે પૌષ્ટિક ખાવાનું પણ ન મળતું હોય, ત્યારે શાસકો માટે કરોડો રૂપિયાના અદ્યતન વિમાનો અને વિદેશી મુસાફરીઓ કેમ પ્રાથમિકતા બની જાય છે?

### 111 દિવસ પછી પણ પરિવાર ન્યાયની રાહમાં

## ગાંધીનગરના માધવગઢમાં તંત્રની બેદરકારીએ લીધો માસૂમનો જીવ: ચાર બહેનો કોને બાંધશે રાખડી?

ગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલા માધવગઢ ગામમાં ચાર મહિના પહેલાં એટલે કે એપ્રિલ મહિનામાં બનેલી એક કરૂણ ઘટનાએ આખા પંથકને કંપાવી મૂક્યો હતો. સરકારી શાળાના ડીમોલેશનની કામગીરી દરમિયાન તંત્ર અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીના કારણે અડધી-પડધી રહી ગયેલી દીવાલ ધરાશાયી થઈ હતી, જેમાં ચોથા ધોરણમાં ભણતા એક નાના માસૂમ બાળકનું દબાઈ જવાથી દર્દનાક મોત નીપજ્યું હતું. ઘટનાને આજે ૧૧૧ દિવસ જેટલો સમય વીતી ગયો હોવા



છતાં, પીડિત પરિવાર માત્ર અને માત્ર સવાલો અને ન્યાયની આશામાં રાહ જોઈ રહ્યો છે. તંત્ર દ્વારા મોટા-મોટા દાવો અને તપાસના આશ્વાસનો આપવા છતાં હજુ સુધી જવાબદારો સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પરિવારજનોનો કરૂણ આક્રંદ છે કે શું એક ગરીબ કે સામાન્ય પરિવારના નિર્દોષ બાળકનો જીવ આટલો સસ્તો છે? તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે આ ઘટનાથી સમગ્ર પરિવાર વિખેરાઈ ગયો છે. ચાર-ચાર નાની બહેનોનો એકનો એક વ્હાલસોયો ભાઈ આ દુનિયામાં રહ્યો નથી. આ રક્ષાબંધને એ ચારેય બહેનો કોના હાથ પર રાખડી બાંધશે? આ સવાલ માત્ર પરિવારનો નથી પણ આખા સમાજના મનમાં ઊઠતો એક સળગતો પ્રશ્ન છે. શાળાનું ડીમોલેશન કરતી વખતે સલામતીના નિયમોનું પાલન કેમ ન કરવામાં આવ્યું? અધૂરી અને ભયજનક દીવાલ ખુલ્લી છોડી દેનાર કોન્ટ્રાક્ટર કે અધિકારી સામે હજુ સુધી કડક પગલાં કેમ નહીં? 111 દિવસ વીતી ગયા છતાં શું સરકાર આ ઘટનાને ગંભીરતાથી લઈને પીડિત પરિવારને ન્યાય આપશે? માધવગઢ ગામ અને સ્થાનિક લોકોની એક જ માંગ છે કે આ ઘટના માટે જવાબદાર બેદરકાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે તુરંત જ ગુનો નોંધીને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે જેથી નિર્દોષ બાળક આત્માને શાંતિ મળે અને પીડિત પરિવારને સાચો ન્યાય મળે.

## LCBએ રાંધેજા પાસે કારમાંથી દારૂ ઝડપ્યો : રૂ. 5 લાખથી વધુના મુદ્દામાલ સાથે બુટલેગર પકડાયો; દારૂ મોકલનાર-મંગાવનાર સામે ગુનો

ગાંધીનગર

ગાંધીનગર LCBની ટીમે બાતમીના આધારે રાંધેજાથી કોલવડા જવાના માર્ગ પર આવેલા આશાપુરા માતાના મંદિર નજીક નેળિયામાંથી અર્ટીગા કારમાં ચાલતા દારૂના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે દારૂ-બિયરના જથ્થા સહિત કુલ રૂ. 5 લાખથી વધુના મુદ્દામાલ સાથે એક બુટલેગરને દબોચી લીધો છે.

LCBની ટીમ પેથાપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે નેળિયામાં સફેદ અર્ટીગા કારમાં દારૂ હોવાની બાતમી મળી હતી. ટીમે કારને ચારેય તરફથી ઘેરીને ડ્રાઈવર સીટ પર બેઠેલા પેથાપુરના 26 વર્ષીય પ્રદિપસિંહ વાઘેલાને ઝડપી લીધો હતો. કારમાં તપાસ કરતાં વચ્ચેની અને પાછળની સીટ પરથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીન મળી રૂ.96 હજારથી વધુનો જથ્થો મળી આવ્યો હતો.



ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ દારૂનો જથ્થો ઈડરના મહાવીરસિંહ દેવડા નામના શખ્સે પેથાપુર ચોકડી સુધી પહોંચાડ્યો હતો, જે રાંધેજાના પ્રતીકસિંહ વિહોલને ડિલિવર કરવાનો હતો. ડિલિવરી થાય તે પહેલાં જ પોલીસે દરોડો પાડી દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ રૂ.5.04 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પેથાપુર પોલીસે દારૂ મોકલનાર મહાવીરસિંહ અને મંગાવનાર પ્રતીકસિંહ સામે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### GPSC ભરતી અને પોલીસ ભરતીના નિયમો સામે વિવાદનું વંટોળ

## OBC ઉમેદવારો સાથે અન્યાય અને દોડના માર્ક્સ નાબૂદ કરવા પાછળ હસમુખ પટેલ સામે આકરા પ્રહારો

ગાંધીનગર

ગુજરાતના લાખો શિક્ષિત યુવાનો અને સરકારી નોકરીની તૈયારી કરતા ઉમેદવારો માટે એક અત્યંત સનસનાટીભર્યો અને ચોંકાવનારો વિવાદ સામે આવ્યો છે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની ભરતી પ્રક્રિયા અને પોલીસ ભરતીના સુધારેલા નિયમોને લઈને રાજ્યના જાણીતા આગેવાનો દ્વારા પ્રશાસન અને GPSCના વડા હસમુખ પટેલ પર ખુલ્લામાં ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. ડૉ. રાઠોડ અને ઠાકરશી રબારીના આ આક્ષેપો બાદ સમગ્ર રાજ્યના યુવા આલમમાં અને ખાસ કરીને OBC સમાજમાં ભારે રોષ અને ઉકળાટ જોવા મળી રહ્યો છે. ડૉ. રાઠોડ દ્વારા આરોપ લગાવવામાં આવ્યો છે કે GPSCની ડાયરેક્ટ ભરતીમાં OBC (અન્ય પછાત વર્ગ)ના ઉમેદવારો સાથે ઈન્ટરવ્યૂ પ્રક્રિયા દરમિયાન પક્ષપાત કરવામાં આવે છે. લેખિત પરીક્ષામાં અત્યંત ઊંચા માર્ક્સ મેળવીને ટોપ કરનારા OBC ઉમેદવારોને મૌખિક ઈન્ટરવ્યૂ (Oral Exam)માં જાણીજોઈને તદ્દન ઓછા ગુણ આપીને પાછળ ધકેલી દેવામાં આવે છે. શું ડાયરેક્ટ ભરતીના નામે Merit યાદી સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે? શું કોઈ ચોક્કસ માનસિકતા હેઠળ OBC વર્ગના તેજસ્વી યુવાનોને ઉચ્ચ હોદ્દાઓ સુધી પહોંચતા રોકવાનો આ સુઆયોજિત ખેલ છે? આ સવાલ હવે સીધો પ્રશાસનને પૂછવામાં આવી રહ્યો છે. બીજી તરફ, રબારી સમાજના આગેવાન અને નેતા ઠાકરશી રબારીએ પોલીસ ભરતી પ્રક્રિયાને લઈને હસમુખ પટેલ સામે મોરચો માંડ્યો છે. ઠાકરશી રબારીએ ગંભીર દાવો કર્યો છે કે બનાસકાંઠા, મહેસાણા, કચ્છ અને ગ્રામીણ વિસ્તારના યુવાનો શારીરિક કસોટી (દોડ)માં અત્યંત મજબૂત હોય છે. પરંતુ આ યુવાનોને પોલીસ ભરતીની રેસમાંથી બહાર કરવાના હેતુથી જ શારીરિક દોડના માર્ક્સ દૂર કરી દેવામાં આવ્યા છે અને આ નિર્ણય પાછળ પણ હસમુખ પટેલની ભૂમિકા હોવાનો સણસણતો આક્ષેપ કરાયો છે.

ઠાકરશી રબારીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તેઓ કોઈ હવાઈ વાતો નથી કરી રહ્યા પરંતુ સંપૂર્ણ દસ્તાવેજોના પુરાવાના આધારે બોલી રહ્યા છે. તેમણે હસમુખ પટેલને ખુલ્લી ચેલેન્જ ફેંકી છે કે જો તેઓ સાચા હોય તો સામે આવીને પ્રેસ કોન્ફરન્સ કરે અને આ તમામ આક્ષેપોના જવાબો આપે. આ સાથે જ તેમણે સમગ્ર OBC સમાજના આગેવાનો અને યુવાનોને એકજૂથ થઈને આ અન્યાય સામે રાજ્યવ્યાપી આંદોલન કરવા માટે હાકલ કરી દીધી છે.

### પાટનગરમાં કાળજું કંપાવતી ઘટના

## 17 વર્ષની સગીરા પર દુષ્કર્મ બાદ મોત, 22 વર્ષીય નરાધમ દિશાંત ઉર્ફે દીપ શર્મા સામે POCSO હેઠળ ગુનો

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં દીકરીઓની સુરક્ષાના દાવાઓના ધજાગરા ઉડાડતી એક અત્યંત કરુણ અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. પેથાપુર વિસ્તારના ૨૨ વર્ષીય યુવક દિશાંત ઉર્ફે દીપ શર્માએ ૧૭ વર્ષની માસૂમ સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી હતી. દુષ્કર્મ બાદ સગીરાની તબિયત ગંભીર રીતે લથડતાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન જિંદગી અને મોત વચ્ચે ઝૂલા ખાધા બાદ દીકરીએ દમ તોડી દીધો છે. મળતી ચોંકાવનારી વિગતો અનુસાર, આરોપી દિશાંત ઉર્ફે દીપ શર્મા સગીરાને ફોસલાવીને લઈ ગયો હતો અને તેની સાથે બરબરતાપૂર્વક આચરેલા કૃત્યના કારણે સગીરા બેભાન થઈ ગઈ હતી. સગીરાને અતિશય રક્તસ્ત્રાવ થવાના કારણે ગંભીર હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આંતરિક ગંભીર ઈજાઓ અને ઈન્ફેક્શનના કારણે સગીરાની સ્થિતિ સતત નાજુક બની રહી હતી. તબીબોની ભારે મથામણ છતાં, ૮ ઓગસ્ટની મોડી રાત્રે ગંભીર ઈજાઓ સામે ઝઝૂમી રહેલી ૧૭ વર્ષની દીકરીનું સારવાર દરમિયાન કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.


માસૂમ દીકરીના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે આક્રોશનો માહોલ વ્યાપી ગયો હતો. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને પેથાપુર પોલીસે તાત્કાલિક ધોરણે ૨૨ વર્ષીય આરોપી દિશાંત ઉર્ફે દીપ શર્મા વિરુદ્ધ કડક POCSO એક્ટ તથા દુષ્કર્મ અને હત્યાની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

## તંત્રી લેખ...

# જેન-ઝી પર કબજો કે યુવા ભવિષ્યનો સદોપયોગ? કેમ્પસ રાજકારણની ચમક પાછળનો કડવો સચ

ગુજરાતના કૉલેજ કેમ્પસોમાં આજે જે અસાધારણ હલચલ અને રાજકીય ગરમાવો દેખાઈ રહ્યો છે, તે માત્ર વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતો માટેની સામાન્ય લડાઈ નથી. આ લડાઈ દેશ અને રાજ્યના ભવિષ્ય પર પોતાનો પ્રભાવ જમાવવાની એક બહુ મોટી વ્યૂહાત્મક હોડ છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) અને નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) જેવા સ્થાપિત વિદ્યાર્થી સંગઠનો આજે 'જેન-ઝી' એટલે કે 2000ના દાયકા પછી જન્મેલી અને ડિજિટલ યુગમાં ઉછરેલી નવી પેઢીને પોતાના તરફ આકર્ષવા માટે પોતાની તમામ તાકાત ઝોંકી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંને માતૃસંસ્થાઓના આકાઓ બરાબર સમજે છે કે જો ભવિષ્યના રાજકારણમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હશે કે ખોવાયેલી જમીન પાછી મેળવવી હશે, તો નવી વિચારસરણી ધરાવતી આ પેઢીને સાથે રાખવી અનિવાર્ય છે. પરંતુ આજે સમગ્ર સમાજે એ વિચારવાની જરૂર છે કે આ આકર્ષણ પાછળ માત્ર આગામી ચૂંટણીઓનું ગણિત છે કે પછી યુવાનોના સાચા સશક્તિકરણની કોઈ નિષ્ઠા?

આજના 'જેન-ઝી' યુવાનો અગાઉની પેઢીઓ કરતાં સાવ અલગ છે. તેઓ માત્ર સ્ટેજ પરથી અપાતા મંચીય ભાષણો, ભાવનાત્મક આહ્વાનો કે પરંપરાગત જાતિગત સમીકરણોથી અંજાઈ જાય તેમ નથી. આ પેઢી ટેકનોલોજી સાથે જન્મી છે, ડિજિટલી સક્ષમ છે, દરેક વાતનું તથ્ય તપાસે છે અને રાજકારણીઓ પાસેથી સીધા પરિણામો માંગે છે. આ જ કારણ છે કે બંને સંગઠનોએ પોતાની કાર્યશૈલીમાં મોટો બદલાવ લાવવો પડ્યો છે.




ABVP પોતાના મજબૂત કેડર બેઝ, રાષ્ટ્રવાદના વિચાર, ટેક-ફેસ્ટ, સ્ટાર્ટ-અપ માર્ગદર્શન, કેરિયર કાઉન્સેલિંગ અને સોશિયલ મીડિયાના વ્યાપક ઉપયોગ દ્વારા યુવાનોને સંગઠનમાં જોડવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેઓ કેમ્પસમાં એવું વાતાવરણ ઊભું કરવા માંગે છે કે યુવા પેઢી રાષ્ટ્રનિર્માણના નામ હેઠળ તેમની સાથે જોડાય. બીજી તરફ, NSUI વિદ્યાર્થીઓમાં રહેલા અસંતોષને વાંચવાનો પ્રયાસ કરી રહ્યું છે. પેપર લીક જેવા ગંભીર મુદ્દા, શિક્ષણનું ઝડપથી થઈ રહેલું ખાનગીકરણ, ફી વધારો અને બેરોજગારી જેવા જ્વલંત પ્રશ્નોને લઈને NSUI આક્રમક આંદોલનાત્મક મોડમાં આવી ગયું છે. તેઓ જેન-ઝી સમક્ષ પોતાને એકમાત્ર 'પરિવર્તનનો અવાજ' અને 'વિરોધનું પ્લેટફોર્મ' તરીકે રજૂ કરવાની કોશિશ કરી રહ્યા છે.

પરંતુ આ રાજકીય હોડ વચ્ચે સમાજે અને ખાસ કરીને યુવાનોએ પોતે જાગૃત થવાની જરૂર છે. રાજકીય પક્ષો માટે આ નવી પેઢી માત્ર પોતાની વોટબેંક વધારવાનું સાધન ન બનવી જોઈએ. યુવાનોએ વિદ્યાર્થી સંગઠનોના ઝંડા નીચે એકઠા થતાં પહેલાં એ ગંભીરતાથી વિચારવું પડશે કે તેઓ માત્ર કોઈ પક્ષની રાજકીય વિચારસરણીના ટૂલ બનીને રહી જવા માંગે છે કે પછી પોતાના સાચા અધિકારો, ગુણવત્તાસભર શિક્ષણ, પારદર્શક પરીક્ષા પદ્ધતિ અને સુરક્ષિત ભવિષ્ય માટે અવાજ ઉઠાવવા માંગે છે.

જો વિદ્યાર્થી સંગઠનોની આ સ્પર્ધા માત્ર એકબીજા પર કાદવ ઉછાળવા કે પક્ષીય રોટલા શેકવા પૂરતી સીમિત રહેશે, તો ગુજરાતની સૌથી મોટી યુવા સંપત્તિ રાજકીય સ્વાર્થનો ભોગ બનશે. પરંતુ જો આ સ્પર્ધામાંથી કેમ્પસનું શૈક્ષણિક સ્તર સુધરે, કૉલેજોમાં પાયાની સુવિધાઓ વધે, પારદર્શિતા આવે અને યુવાનોમાં સ્વતંત્ર તથા વૈચારિક નેતૃત્વનો વિકાસ થાય, તો જ આ કેમ્પસ રાજકારણ સાર્થક ગણાશે. આજના યુવાને કોઈ પણ પક્ષની અંધભક્તિ કરવાને બદલે પ્રશ્નો પૂછવાની તાકાત કેળવવી પડશે, કારણ કે પ્રશ્નો પૂછતો અને જાગૃત યુવાન જ મજબૂત લોકશાહીનો સાચો પાયો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સંવિધાન, રજિસ્ટ્રેશન અને 'ગોડમેન' જેવા વસ્ત્રો: RSS સામે જનતા અને યુવાનોના ઉઠતા તીખા સવાલો



ભારતના લોકતાંત્રિક અને સંવિધાનિક માળખામાં દરેક નાગરિક, સંસ્થા કે સંગઠન કાયદાના શાસન હેઠળ આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી દેશના રાજકીય અને સામાજિક વાતાવરણમાં એક મોટો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. 'પાક્કો ગુજરાત'ના વિશેષ અહેવાલ મુજબ, દેશના યુવાનો અને સામાન્ય જનતામાં એક અવાજ બુલંદ થઈ રહ્યો છે જે સીધો જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની કાર્યપ્રણાલી પર સવાલો ઊભા કરે છે.

લોકોનો સૌથી પ્રાથમિક અને ધારદાર સવાલ એ છે કે આખરે આ સંસ્થા દેશમાં કયા બંધારણીય હોદ્દા કે અધિકારથી દરેક મુદ્દે વગર માગે સલાહ કે ચુકાદા આપવા આવી જાય છે?

ના સંવિધાનિક હોદ્દો, ના કાયદાકીય રજિસ્ટ્રેશન: RSS પાસે કોઈ બંધારણીય પદ નથી. દેશના કાયદાકીય નીતિ-નિયમો હેઠળ તેનું કોઈ સત્તાવાર રજિસ્ટ્રેશન નથી. તે કોઈ ચેરિટેબલ ટ્રસ્ટ કે વૃદ્ધો, ગરીબો, અનાથો કે વિકલાંગો માટે કામ કરતી સરકારી માન્યતા પ્રાપ્ત NGO પણ નથી. છતાં રોજ સવારે દેશના દરેક નાના-મોટા, સાર્વજનિક કે રાજકીય મુદ્દાઓ પર વગર માગે દિશા-નિર્દેશ આપવા પહોંચી જાય છે.

તિરંગા અને ભારતીય કાયદાથી અંતર: દેશનો સામાન્ય નાગરિક ભારતીય બંધારણ, કાયદા અને રાષ્ટ્રધ્વજ તિરંગાને સર્વોપરી માને છે. સવાલો એ પણ ઉઠે છે કે ખુદને રજિસ્ટર્ડ ન રાખનારી આ સંસ્થા કાયદાકીય દાયરાથી અળગી રહીને પોતાના જ નિયમો ચલાવે છે. એટલું જ નહીં, ધાર્મિક બાબતોમાં પણ પોતાની વ્યાખ્યાઓ લાદીને ભગવાન અને મંદિરો પર પણ પોતાના પ્રતીકો કે વાઘા પહેરાવવાની હોડ જામતી જોવા મળે છે.

રાષ્ટ્રભક્તિના સર્ટિફિકેટ વહેંચવાનો અધિકાર કોણે આપ્યો?: જે સંસ્થા પોતે કાયદાકીય ચોપડે માન્ય કે રજિસ્ટર્ડ નથી, તે સંસ્થાના લોકો દેશના યુવાનો અને સામાન્ય નાગરિકોને 'દેશભક્ત' કે 'દેશદ્રોહી' હોવાના સર્ટિફિકેટ વહેંચવા કૂદી પડે છે. બંધારણીય અધિકારો ધરાવતા દેશના નાગરિકોની વફાદારી પર સવાલ ઉઠાવવાનો હક આ અણ-રજિસ્ટર્ડ સંગઠનને કોણે આપ્યો, તેવો પ્રશ્ન આજે યુવા વર્ગ પૂછી રહ્યો છે.

પ્રધાનમંત્રી અને રાજકારણ પર પ્રભાવ: દેશના બંધારણીય પદ પર બેઠેલા પ્રધાનમંત્રી જેવા જવાબદાર નેતાઓને પણ GenZ સાથે સંવાદના નામે રીલ્સ અને પબ્લિસિટીના રવાડે ચડાવી દેવાની ગણતરીઓ પાછળ આ વિચારધારા કામ કરે છે તેવો આક્ષેપ પણ થઈ રહ્યો છે. ગંભીર મુદ્દાઓ પરથી ધ્યાન હટાવીને માત્ર સોશિયલ મીડિયાના ભ્રમજાળમાં દેશને ધકેલવાનો આ ખેલ હોવાનું લોકો માને છે. જનતા હવે ખુલ્લેઆમ માંગ કરી રહી છે કે જો તમે દેશના સૌથી મોટા રાષ્ટ્રભક્ત અને દેશસેવક હોવાનો દાવો કરતા હોવ, તો પછી કાયદા અને સંવિધાનથી ડર શેનો? તમારા તમામ કાગળો દેશની જનતા સામે મૂકો, સંસ્થાને ભારતીય કાયદા હેઠળ વિધિવત રજિસ્ટર્ડ કરાવો અને પારદર્શિતા બતાવો. લોકશાહીમાં છુપાઈને કે કાયદાના દાયરા બહાર રહીને સત્તા ચલાવવાનો અધિકાર કોઈને હોઈ શકે નહીં. પ્રજા હવે સવાલો પૂછતી થઈ છે અને પારદર્શિતાની આ માંગ દિન-પ્રતિદિન વધુ મજબૂત બની રહી છે.

# ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાની જાળમાંથી બાળકોને બચાવવા દેશમાં મોટો કાયદો લાવવાની તૈયારી: સંસદમાં 'સેફ ડિજિટલ બિલ' રજૂ થશે, ઉલ્લંઘન કરનાર કંપનીઓને ₹10 કરોડ સુધીના દંડની જોગવાઈ!


ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાની જાળમાંથી બાળકોને બચાવવા દેશમાં મોટો કાયદો લાવવાની તૈયારી: સંસદમાં 'સેફ ડિજિટલ બિલ' રજૂ થશે, ઉલ્લંઘન કરનાર કંપનીઓને ૧૦ કરોડ સુધીના દંડની જોગવાઈ!

ડિજિટલ યુગમાં બાળકોમાં વધતા ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વળગણ તેમજ તેની ગંભીર આડઅસરોથી માસૂમોને બચાવવા માટે કેન્દ્ર સરકાર અને સંસદ દ્વારા એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવાની તૈયારી થઈ રહી છે. ડિજિટલ સ્પેસમાં બાળકોની સુરક્ષાને વધુ મજબૂત કરવાના હેતુથી સંસદમાં એક મહત્ત્વપૂર્ણ પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કરવામાં આવનાર છે.

### સાંસદ બેજયંત પાંડા લાવશે ખાસ બિલ

ભારતીય જનતા પાર્ટીના સાંસદ બેજયંત 'જય' પાંડા દ્વારા "સેફગાર્ડિંગ હેલ્ધી ઈન્ટરનેટ એન્વાયરમેન્ટ્સ ફોર લિટલ ડિજિટલ-નેટિવ્સ" બિલ, ૨૦૨૫ તૈયાર કરવામાં આવ્યું છે. આ બિલનો મુખ્ય હેતુ બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ડેટા પ્રાઈવસી, ઓનલાઈન ગેમિંગ અને ટાર્ગેટેડ કે પર્સનલાઈઝ્ડ જાહેરાતો પર કડક અંકુશ મેળવવાનો છે.

### બાળકો માટે કડક નિયમોનો પ્રસ્તાવ



આ બિલમાં બાળકોની ઓનલાઈન સુરક્ષા માટે નીચે મુજબની કડક જોગવાઈઓનો પ્રસ્તાવ મૂકાયો છે:

સોશિયલ મીડિયા અને ડેટા પ્રાઈવસી: બાળકોના એકાઉન્ટ્સ બનાવતી વખતે વાલીઓની સંમતિ અને તેમના ડેટાની સલામતી અંગે ટેક કંપનીઓએ પારદર્શિતા રાખવી પડશે.

ગેમિંગ અને જાહેરાતો પર લગામ: બાળકોને લક્ષ્ય બનાવીને દર્શાવાતી પર્સનલાઈઝ્ડ જાહેરાતો અને હિંસક કે લત લગાડતી ઓનલાઈન ગેમ્સ પર કડક નિયંત્રણો મૂકવામાં આવશે. ઉલ્લંઘન કરનાર કંપનીઓ પર ૧૦ કરોડનો દંડ અને બ્લોકિંગની તલવાર

આ કાયદાના નિયમોનું ઉલ્લંઘન કરનારા પ્લેટફોર્મ્સ અને ટેક કંપનીઓ સામે ભારે દંડની તૈયારી કરાઈ છે:

મોટો દંડ: નિયમોનો ભંગ કરનાર કંપનીઓ પર ૧૦ કરોડ સુધીનો આકરો દંડ ફટકારવાની જોગવાઈ છે.

પ્લેટફોર્મ થશે બ્લોક: જો કોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વારંવાર કે જાણી જોઈને નિયમોનું ઉલ્લંઘન કરશે, તો આઈટી એક્ટ (IT Act) ની કલમ ૬૯-એ (69A) હેઠળ તે પ્લેટફોર્મને ભારતમાં અસ્થાયી રૂપે બેન કે બ્લોક પણ કરી શકાશે.

આ બિલ જો કાયદાનું રૂપ લેશે તો ટેક કંપનીઓની બેફામ મનમાની પર લગામ લાગશે અને ભારતના લાખો બાળકો માટે ઈન્ટરનેટનું વાતાવરણ સુરક્ષિત બનશે. પાક્કો ગુજરાત ન્યૂઝ સંસદના આ સરાહનીય પગલાંનું સ્વાગત કરે છે.

# હૃદયનો પરમ વૈભવ: પ્રેમ અને કરુણાની મંગલ સરવાણી



માનવજીવન એ માત્ર શ્વાસ લેવાની ક્રિયા કે ભૌતિક સુખોની પ્રાપ્તિનું સાધન નથી, પરંતુ ઈશ્વરે સર્જેલી સૃષ્ટિમાં સંવેદનાઓનો સર્વોચ્ચ આવિષ્કાર છે. આ સંવેદનાઓના અફાટ મહાસાગરમાં જો કોઈ બે સૌથી પવિત્ર અને તેજોમય રત્નો હોય, તો તે છે 'પ્રેમ' અને 'કરુણા'. આ બે તત્વો માનવ હૃદયના એવા પરમ વૈભવ છે જે પૃથ્વી પરના સામાન્ય મનુષ્યને દૈવીય ઊંચાઈ સુધી લઈ જવાની ક્ષમતા ધરાવે છે. ભૌતિકવાદ અને અહંકારના આ આધુનિક યુગમાં, જ્યાં માણસ અંદરથી સુકાઈ રહ્યો છે, ત્યાં પ્રેમ અને કરુણાની ભીનાશ જ સમાજને જીવંત રાખવા માટે સંજીવની સમાન સાબિત થાય છે.

પ્રેમ એ સૃષ્ટિનું આદિ અને અંત છે. તે કોઈ ભૌતિક આકર્ષણ કે શરતોનું બંધન નથી, પરંતુ બે આત્માઓ વચ્ચેનું અદ્રશ્ય અને પવિત્ર જોડાણ છે. પ્રેમ જ્યારે પોતાના સ્વાર્થના સીમાડા ઓળંગીને પરમાર્થ તરફ ગતિ કરે છે, ત્યારે તે ભક્તિ બની જાય છે. નરસિંહ, મીરાં કે સૂફી સંતોનો પ્રેમ એ વાતની સાક્ષી પૂરે છે કે સાચો પ્રેમ હંમેશાં સમર્પણ માંગે છે, અપેક્ષા નહીં. જ્યાં અપેક્ષાનો અંત આવે છે ત્યાં જ સાચા પ્રેમનો ઉદય થાય છે. હૃદયના આ નિર્મળ ભાવને કાવ્યાત્મક શબ્દોમાં આ રીતે કંડારી શકાય:



'નથી માપવો મારે કોઈ સાગર કે નથી આંબવું આ આકાશ,
હૃદયમાં જો સ્નેહનો દીવો બળે, તો સુવાસિત થાય આખો વાસ.'

પ્રેમનું જ ઉત્કૃષ્ટ અને વ્યાપક સ્વરૂપ એટલે કરુણા. પ્રેમ જ્યારે કોઈ એક વ્યક્તિ કે વસ્તુના સીમાડામાંથી બહાર નીકળીને સમગ્ર સૃષ્ટિના દુઃખને પોતાનું માની લે છે, ત્યારે તે કરુણામાં પરિવર્તિત થાય છે. કરુણા એ માત્ર કોઈના પર દયા ખાવાની ક્ષમતા નથી, પણ સામેની વ્યક્તિના દર્દને પોતાના હૃદયમાં અનુભવીને તેને દૂર કરવાનો વ્યાકુલ પ્રયત્ન છે. ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી કે ઈસુ ખ્રિસ્તના જીવનનું કેન્દ્રબિંદુ કરુણા જ હતું. કરુણા મનુષ્યને અંદરથી નરમ અને બહારથી મજબૂત બનાવે છે. જ્યાં સુધી હૃદયમાં કરુણાનો સૂર્યોદય ન થાય, ત્યાં સુધી કોઈ પણ ધર્મ કે જ્ઞાન અધૂરું છે. પીડિતોના દર્દ સાથે તાદાત્મ્ય સાધતા લોકહૃદય હંમેશાં આ રીતે ગાય છે:

'જ્યાં સુધી પારકું દર્દ પોતાના હૃદયને ન હચમચાવે,
ત્યાં સુધી માનવતાનો સાચો મર્મ કોઈ સમજી ન પાવે.'

પ્રેમ અને કરુણા એ સિક્કાની બે બાજુઓ જેવા છે; પ્રેમ એ જો સુંદર પુષ્પ છે, તો કરુણા તેની સુગંધ છે. પ્રેમ આપણને જોડતા શીખવે છે, જ્યારે કરુણા આપણને વહેંચતા શીખવે છે. આજના તણાવમુક્ત અને એકલતાથી પીડાતા આધુનિક સમાજને કોઈ મોટા વૈજ્ઞાનિક સંશોધનની એટલી જરૂર નથી, જેટલી આ બે આત્મિક ગુણોની છે. હૃદયમાં રહેલો પ્રેમ અને કરુણાનો આ દીવો જો પ્રજ્વલિત રહે, તો કોઈ પણ વ્યક્તિ ગમે તેવી કટોકટીમાં પણ ક્યારેય હારી શકતી નથી. આ બે ગુણો મનુષ્યના અંતરાત્માનો સાચો પ્રકાશ છે, જે સદીઓ સુધી માનવજાતને અંધકારમાંથી પરમ પ્રકાશ તરફ દોરી જશે તે સુનિશ્ચિત છે.

**- રૂપેશ સોલંકી**

# ઝગમગતા વિકાસ પાછળનો કડવો સચ

## ગુજરાતમાં 3.38 કરોડ લોકો રેશનિંગ પર નિર્ભર, GDPના ગૌરવ વચ્ચે સામાન્ય માણસની થાળી કેમ ખાલી?

એક તરફ વિકસિત ગુજરાતના દાવા, બુલેટ ટ્રેનની સ્પીડ, ગિફ્ટ સિટીનો ચમકધમક અને જીડીપી (GDP)ના રેકોર્ડબ્રેક આંકડાઓનો શોર છે. તો બીજી તરફ એક એવો આંકડો સામે આવ્યો છે જે ગુજરાતની આર્થિક પ્રગતિના ભભકા સામે સણસણતો સવાલ ઊભો કરે છે. રાજ્યની અંદાજે ૩.૩૮ કરોડની વસ્તી આજે પણ NFSA અને PMGKAY હેઠળ મફત કે સસ્તા અનાજ પર નભી રહી છે.




જીડીપી રોકેટ ગતિએ, પણ ગરીબની આવક ક્યાં?

દેશ ચોથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે પ્રશ્ન એ નથી કે સરકાર મફત અનાજ કેમ આપે છે. ભૂખ્યાને અનાજ આપવું એ કલ્યાણકારી રાજ્યની પ્રાથમિક ફરજ છે. પરંતુ વાસ્તવિક સવાલ એ છે કે દાયકાઓના ઔદ્યોગિક વિકાસ બાદ પણ અડધાથી વધુ ગુજરાત આજે પણ સરકારી રેશનિંગની દુકાન પર કેમ નિર્ભર છે? શું ઉદ્યોગોના કરોડોના રોકાણનો લાભ સામાન્ય પરિવારના રસોડા સુધી પહોંચી શક્યો નથી? જો અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે, તો સામાન્ય માણસની આવક કેમ નથી વધતી?

કેગ (CAG)ના અહેવાલમાં સિસ્ટમના ભ્રષ્ટાચારનો સડો છતો થયો

આ માત્ર રાજકીય આક્ષેપો નથી. કેગ (CAG)ના ઓડિટ અહેવાલમાં પણ ગુજરાતના અનાજ વિતરણ વ્યવસ્થાની ખામીઓ પર આકરા પ્રહાર કરવામાં આવ્યા છે:

ડેટામાં મોટો તફાવત: ૨૦૧૫ થી ૨૦૨૩ વચ્ચે ૩.૪૭ લાખ મેટ્રિક ટન અનાજના વિતરણ આંકડામાં મોટો ગડબડ-ગોટાળો નોંધાયો છે. આ અનાજ ક્યાં ગયું તેનો કોઈ હિસાબ નથી.

અયોગ્ય રેશનકાર્ડની ભરમાર: તંત્રની બેદરકારીને કારણે સાચા જરૂરિયાતમંદ સુધી પૂરો લાભ પહોંચાડવામાં અને નકલી લાભાર્થીઓને હટાવવામાં ઘોર બેદરકારી દાખવવામાં આવી છે. યોગ્ય ચકાસણીના અભાવે ગરીબોનો હક છીનવાઈ રહ્યો છે.

વિકાસનું સાચું માપદંડ શું?

શિક્ષણ અને આરોગ્યના વધતા ખર્ચ, મોંઘવારીની માર અને બેરોજગારી વચ્ચે સામાન્ય માણસની ખરીદશક્તિ સતત ઘટી રહી છે. વિકાસની સાચી વ્યાખ્યા માત્ર મોટા પ્રોજેક્ટ્સ કે આંકડાઓની માયાજાળ નથી, પરંતુ:

દરેક યુવાનને કાયમી અને યોગ્ય રોજગાર મળે, જેથી તે પોતાના પરિવારનું ભરણપોષણ કરી શકે. પરિવારને શિક્ષણ અને સારવાર માટે દેવું ન કરવું પડે, જેથી તેમની આર્થિક સ્થિતિ કથળે નહીં. નાના વેપારીઓ અને ખેડૂતોની આવકમાં વધારો થાય, જેથી ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બને. અને સૌથી મહત્વનું, નાગરિકને બે ટંકના ભોજન માટે કાયમી ધોરણે સરકાર સામે હાથ લંબાવવો ન પડે.

સરકાર માટે સણસણતો સવાલ: આગળનું લક્ષ્ય શું?

શું સરકારનું લક્ષ્ય લોકોને આજીવન મફત અનાજ પર નિર્ભર રાખવાનું છે? કે પછી તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવાનું છે? ઉદ્યોગોના વિકાસની સાથે લોકોની આવકમાં પણ સમાન રીતે વધારો થાય તેવી નીતિઓ કેમ ઘડાતી નથી? ગુજરાત જેવું ઔદ્યોગિક રીતે સમૃદ્ધ રાજ્ય દેશને વિકાસનું સાચું મોડેલ કેમ નથી આપી શકતું?

નિષ્કર્ષ: કાગળ પર નહીં, રસોડામાં દેખાવો જોઈએ વિકાસ

સરકારે હવે એવી નીતિઓ ઘડવી પડશે જેથી લોકોને મફત અનાજ આપવાને બદલે તેમને સ્વમાનભેર કમાઈને ખાવા માટે સક્ષમ બનાવી શકાય. કારણ કે વિકાસની સાચી પરીક્ષા જીડીપીના કાગળ પર નહીં, પરંતુ સામાન્ય માણસની થાળીમાં થવી જોઈએ.

# મુંબઈ પોલીસે બોલિવૂડ ડિરેક્ટર શકીલ નૂરાનીની કરી ધરપકડ

મનોરંજન જગતમાંથી એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. પ્રખ્યાત ફિલ્મ ડિરેક્ટર શકીલ નૂરાનીની મુંબઈની માલવણી પોલીસે ધરપકડ કરી લેતાં ગ્લેમર ઈન્ડસ્ટ્રીમાં ભારે હડકંપ મચી ગયો છે. ચમકતી દુનિયાના કાળો ચહેરો છતો કરતી આ ઘટનામાં ડિરેક્ટર સામે યૌન ઉત્પીડન અને દુષ્કર્મ જેવા ગંભીર આરોપો હેઠળ કાનૂની શિકંજો કસાયો છે. મળતી વિગતો અનુસાર, એક પીડિત અભિનેત્રીએ શકીલ નૂરાની વિરુદ્ધ માલવણી પોલીસ સ્ટેશનમાં હિંમત કરીને લેખિત ફરિયાદ નોંધાવી હતી. ઈન્ડસ્ટ્રીમાં કામ આપવાના નામે કે સત્તાનો દુરુપયોગ કરીને યૌન શારીરિક શોષણ કરવામાં આવ્યું હોવાના આરોપ બાદ પોલીસે ત્વરિત હિલચાલ હાથ ધરી હતી. કેસની ગંભીરતાને ધ્યાને રાખીને પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં જ આરોપી ડિરેક્ટરની અટકાયત કરી લીધી હતી.



### ગોઝારી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે આંધળું તંત્ર? : છોટાઉદેપુરના વસેડીમાં

# શાળા નજીકના મોતના ખાડાને પૂરવાનો તંત્ર પાસે સમય નથી?



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

તંત્રની ઘોર બેદરકારી, આળસ અને પ્રજાના જીવ પ્રત્યેની નીંભરતાનો વધુ એક જીવતો-જાગતો નમૂનો છોટાઉદેપુર નગરને અડીને આવેલા વસેડી ગામે સામે આવ્યો છે. અહીં આવેલી પ્રાથમિક શાળામાં રોજેરોજ પોતાના ભવિષ્યને કંડારવા આવતા સેંકડો નિર્દોષ માસૂમ બાળકોના શિર પર કાળ બનીને અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. શાળાની બિલકુલ નજીક આવેલા નાળામાં એક અતિ ભયાનક અને મોટો ખાડો પડેલો છે. સ્થાનિકો અને આગેવાનો દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં, આ ખાડાનું પુરાણ કરવાનો કે તેની યોગ્ય મરામત કરવાનો આ બહેરા તંત્ર પાસે સમય નથી તેવો આક્રોશ ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે.

ચોમાસામાં મોતના કૂવા સમાન બન્યો આ ખાડો

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે અવિરત વરસાદના કારણે આ ભયાનક ખાડો પાણીથી છલોછલ ભરાઈ જાય છે. ખાડામાં પાણી ભરાઈ જવાના કારણે રસ્તો અને ખાડો એક સરખા દેખાય છે, જેનાથી અજાણ્યા વાહનચાલકો અને ખાસ કરીને પગપાળા આવતા-જતા નાના બાળકો માટે આ ખાડો ગુપ્ત કાળ સમાન બની ગયો છે. શાળામાં અભ્યાસ કરતા નાના-નાના બાળકો દરરોજ આ જ રસ્તેથી ચાલતા શાળાએ આવે છે અને ઘરે પરત ફરે છે. આવા સમયે જો ભૂલથી પણ કોઈ માસૂમ બાળકનો પગ લપસી જાય કે તે આ ઊંડા ખાડામાં ખાબકે, તો કોઈ મોટી અનહોની કે જાનહાનિ સર્જાતા વાર નહીં લાગે.

અગાઉ આખી ટ્રક ખાબકી ચૂકી છે, છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં


આ ખાડાની ગંભીરતા અને ભયાવહતા એ વાત પરથી જ સમજી શકાય છે કે અગાઉ એક આખી ટ્રક આ ખાડામાં ખાબકી ચૂકી છે. આટલી મોટી અને ગંભીર ઘટના બની ચૂકી હોવા છતાં, સંબંધિત વિભાગ કે તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. જો એક આખેઆખી ટ્રક આ ખાડાનો ભોગ બની શકતી હોય, તો નિર્દોષ અને માસૂમ બાળકોની સુરક્ષાની તો વાત જ ક્યાં રહી? શું તંત્ર કોઈ બાળકના બલિદાનની રાહ જોઈ રહ્યું છે? કોઈ અનહોની ઘટે અને કોઈનો માળો વિખેરાઈ જાય ત્યારે જ શું અધિકારીઓ કાગળ પરની તપાસ શરૂ કરશે?

સ્થાનિક આગેવાનો અને પ્રજાનો રોષ: તાત્કાલિક પુરાણની માંગ

સ્થાનિક નાગરિકો અને ગ્રામીણ આગેવાનોનો આક્રોશ હવે સીમા વટાવી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું પ્રજા માત્ર વેરા ભરવા માટે જ છે? બાળકોના જીવ સાથે ખીલવાડ કરતી આ સમસ્યારૂપી ભૂલને સુધારવા માટે તંત્ર કેમ આટલું ઉદાસીન છે? ગામના આગેવાનો અને વાલીઓની એક જ કડક માંગ છે કે કોઈ મોટો અકસ્માત સર્જાય કે નિર્દોષનો જીવ જાય તે પહેલાં આ ભયાનક ખાડાનું યોગ્ય અને કાયમી પુરાણ કરવામાં આવે. જો તંત્ર દ્વારા વહેલી તકે કડક પગલાં લેવામાં નહીં આવે તો ગ્રામજનો અને વાલીઓ ઉગ્ર આંદોલનના માર્ગે જવાની ચીમકી પણ આપી રહ્યા છે.

# વેરાબર ગામ પાસે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો : રેતી ભરેલા ડમ્પરે વાનને અડફેટે લીધો

### વીજ કંપનીની કામગીરી નો છેદ ઉડાડતી ઉતરાજ-દિવેર રોડ પર સુરાશામળ ફિડરની તસવીરો



ઈડર, જાકીર મેમણ

ડમ્પરે વાનને અડફેટે લેતા બે લોકો ઘાયલહોસ્પિટલમાં સારવાર અને પોલીસ તપાસ શરૂ ઈડર તાલુકાના વેરાબર ગામ પાસે આજે સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રેતી ભરેલા એક ડમ્પરે વાનને અડફેટે લેતા તેમાં સવાર બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આ અકસ્માત વેરાબર ગામના 64 માતાના મંદિર નજીક થયો હતો. ડમ્પર ચાલક અકસ્માત સર્જીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.આ રોડ પર છેલ્લા કેટલાક સમયથી ઓવરલોડ રેતીના ડમ્પરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. મોડી રાત સુધી સાબરમતી નદીમાંથી મોટા પાયે રેતીની ચોરી થાય છે. આ ચોરી કરેલી રેતી રતનપુર બોર્ડર કે રાણી બોર્ડર થઈને રાજસ્થાન સુધી પહોંચાડવામાં આવે છે.આ માર્ગ પર ડમ્પર ચાલકો દ્વારા અવારનવાર અકસ્માતો સર્જીને ફરાર થવાની ઘટનાઓ બને છે. તેમ છતાં, આ રોડ પર ડમ્પરોની અવરજવર દિન-પ્રતિદિન વધી રહી છે, જે ચિંતાનો વિષય છે.

### ડભોઇથી વડોદરા જતો રૂપિયા 2,52,720નો

# દારૂ તથા ગાડી સાથે 3,62,720 નો મુદ્દામાલ જપ્ત કરી વડોદરા LCBએ વરણામા પોલીસને સોંપ્યો

સાધલી, હસમુખ પટેલ

વરણામાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડભોઇ થી વડોદરા રોડ પર એલ.સી.બી. વડોદરા ગ્રામ્યના એ.એસ.આઈ. ભુપતભાઈ તથા તેમની ટીમ રાત્રિના એક વાગ્યા દરમિયાન પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન તેઓને માહિતી મળેલ કે ડભોઇ તરફથી મારુતિ ઓમની ગાડી નંબર GJ -01-HL-4647 વિદેશી દારૂનો જથ્થો ભરીને ડભોઇ થી રવાના થયેલ છે. તેથી તેઓ રાત્રે પંચોની સાથે કેલનપુર ગામે બસ સ્ટેન્ડ પાસે ઉભેલા અને આ ગાડી આવી પહોંચતા તેને કોર્ડન કરીને ઉભી રાખી હતી.

ગાડીના ચાલકની તપાસ કરતા તેને પોતાની ઓળખ હિરેન જયંતીભાઈ રાજપુત રહેવાસી પાણી ગેટ રાણાવાસ વડોદરા જણાવ્યું હતું. આ ગાડીમાં તપાસ કરતો ભારતીય બનાવટની વિદેશ દારૂની કુલ 29 પેઢીઓ તથા છુટ્ટા કાચના ક્વાંટરીયા તથા ટીન નંગ 147 અને બીયર ટીમ 795 મળી આવ્યા હતા જેની કુલ કિંમત 2,52,720 હતી તદુપરાંત 1,00,000 ની મારુતિ ઓમ ની ગાડી અને રૂપિયા 10,000 નો મોબાઈલ મળીને કુલ રૂપિયા 3,62,720 નો મુદ્દા માલ કબજે કર્યો હતો તારીખ 9 ઓગસ્ટ વહેલી સવારના 1:15 થી 4:45 સુધી વિગતવાર પંચનામુ કર્યું હતો અને તપાસ કરતા આ માલ ભરાવી આપનાર ધવલ રાજપુત રહેવાસી વડોદરાનો હતો. જે સ્થળ પર નહોતો. જ્યારે ચાલક પકડાયો હતો ત્યારબાદ હેડ કોન્સ્ટેબલ પ્રવીણસિંહ દ્વારા પ્રોહીબિશન કલમ 65 AE 98 (2) 81,83 મુજબ ની ફરિયાદ તથા મુદ્દા માલ, પંચનામું, વરણામા પોલીસને સોંપીને આગળની તપાસ કરવા જણાવ્યું હતું. એલ.સી.બી. વડોદરા ગ્રામ્ય ની આ સફળ રેઈડની આ ટીમમાં એ.એસ.આઈ. ભુપતભાઈ, હે.કો. પ્રવિણસિંહ,હે.કો. ખોડાભાઈ અને હે. કો. વિનોદ કુમાર તથા પોલીસો સામેલ હતા. જિલ્લા પોલીસ ,એલ.સી.બી. પોલીસ તથા સ્ટેટ મોનિટરિંગ સેલ ને રોજે રોજ વિદેશી દારૂની રેડ કરતાં મોટી માત્રામાં મળી આવે છે.

# ઊનાના દેલવાડા થી ધો.-10ની વિધાર્થિનીઓ ઘરે પરત ફરતી હતી ને ત્રણ યુવકોએ પીછો કર્યો

ઉના, કૈલૈશ ભટ્ટ

દેલવાડા ગામ માં સ્કૂલેથી ઘરે પરત ફરી રહેલી ધોરણ-10ની વિદ્યાર્થિનીઓનો મોટરસાયકલ પર સવાર ત્રણ નરાધમો પીછો કરી ખરાબ ઈશારા કરીને અપશબ્દો બોલી હેરાન પરેશાન કરતા બાળાઓ એ આ બાબતે માતા પિતાને વાકેફ કરતાં બે શખ્સોને રંગેહાથ ઝડપી પોલીસ હવાલે કર્યા હતા. આ બાબતે એક વાલીએ ત્રણ શખ્યો વિરુદ્ધ ફરિયાદ ઉના પોલીસ મથકમાં નોંધાઈ છે. ઘટનામાં બે યુવકોને સ્થાનિક લોકોએ પુછડી પોલીસને સિક્ષ હોવાનું ફરિદ જણાવાયું છે, જ્યારે એક યુવક ફરાર થઈ ગયો હોવાની માહિતી સામે આવી છે.તાલુકાના એક ગામના રહેવાસી અને વિધાર્થી ના પિતાએ 7 ઓગસ્ટે ઉના પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ દેલવાડા હાઈ સ્કૂલમાં ધોરણ-10 માં અભ્યાસ કરવા આવતી બાળા ઓને સ્કૂલેથી પોતાના ગામે ઘરે પરત ફરી રહી હતી. આ દરમિયાન દેલવાડા ગામ ના ઉદય અરવિંદભાઈ પરમાર, અશ્ફાજ દાદુભાઈ મન્સુરી અને એક અજાણ્યો યુવક મોટર સાયકલ પર આવી છોકરીઓનો પીછો કરી રહ્યા હતા.આ રોમયોગીરી કરતાં શબ્દો બૂમો પાડી અપશબ્દો બોલ્યા હતા.

ખરાબ ઈશારા કરી વિદ્યાર્થિની ઓને હેરાન પરેશાન કરી પજવણી કરી હોવાનું ફરીયાદ મા જણાવ્યું હતું ફરિયાદી ના જણાવ્યા મુજબ, દેલવાડા ગામના મસરીભાઈ આતુભાઈ વંશ આ રસ્તેથી પસાર થઈ રહ્યા હતા.

### “સ્વચ્છ બસ સ્ટેશન—સુંદર પોરબંદર—હરિયાળું પોરબંદર”

# પોરબંદર ST ડેપોમાં “સાપ્તાહિક સ્વચ્છતા” અભિયાનનો વૃક્ષારોપણ સાથે પ્રારંભ કરાયો

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર એસ.ટી. ડેપો દ્વારા બસ સ્ટેશન તથા આસપાસના પરિસરમાં સ્વચ્છતા જળવાઈ રહે તેમજ મુસાફરોમાં સ્વચ્છતા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે તેવા હેતુથી “સાપ્તાહિક સ્વચ્છતા” કેમ્પેઈનનો આજે વૃક્ષારોપણ કાર્યક્રમ સાથે ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ડેપો મેનેજર પી.બી.મકવાણા ના માર્ગદર્શન હેઠળ પોરબંદર બસ સ્ટેશન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અને પર્યાવરણ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી અભિયાનના પ્રારંભ પ્રસંગે વૃક્ષારોપણ થકી “સ્વચ્છ બસ સ્ટેશન સાથે હરિયાળું બસ સ્ટેશન” બનાવવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે પોરબંદર એસ.ટી. ડેપોના સ્ટેન્ડ ઇન્ચાર્જ એચ.એમ. રૂઘાણી,



ટ્રાફિક ઈન્સ્પેક્ટર એચ.આર. ઓડેદરા, હેડ મેકેનિક ધર્મેશ ગાલોરીયા, ટી.સી. ભરત વાળા સહિતના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કરી અભિયાનમાં સહભાગી બન્યા હતા. “સાપ્તાહિક સ્વચ્છતા” કેમ્પેઈન અંતર્ગત બસ સ્ટેશન પરિસરને સ્વચ્છ રાખવા, મુસાફરોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે તે સુનિશ્ચિત કરવા તેમજ જાહેર સ્થળોની સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ લાવવાના વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવશે.

વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન એસ.ટી. કર્મચારીઓએ માત્ર વૃક્ષો વાવવાનો જ નહીં, પરંતુ વાવેલા વૃક્ષોનું નિયમિત જતન કરવા તેમજ બસ સ્ટેશન પરિસરની સ્વચ્છતા જાળવવા માટે પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ડેપો મેનેજર પી.બી. મકવાણા એ મુસાફર જનતાને અપીલ કરતાં જણાવ્યું હતું કે બસ સ્ટેશન એક જાહેર સ્થળ છે અને તેની સ્વચ્છતા જાળવવી માત્ર એસ.ટી. તંત્રની જ નહીં પરંતુ દરેક નાગરિક અને મુસાફરની પણ સામૂહિક જવાબદારી છે.

# ગત ચોમાસામાં કાચો માલ નાખી કરાયું હતું કામચલાઉ પુરાણ, વર્ષ વીતી ગયું છતાં પાકું સમારકામ નહીં

મહીસાગર, કાનજી ધામોત

મલેકપુર ચોકડીથી મોવાસા તરફ જતા માર્ગ પર પડેલો ખાડો લાંબા સમયથી વાહનચાલકો માટે જોખમી બન્યો છે. ગત ચોમાસા દરમિયાન માર્ગ અને મકાન વિભાગ, લુણાવાડા દ્વારા ખાડામાં કાચો માલ નાખીને તેને કામચલાઉ રીતે પૂરવામાં આવ્યો હતો. પરંતુ ત્યારબાદ ગરમ ડામર નાખી ખાડાનું કાયમી સમારકામ કરવાની કામગીરી હજુ સુધી હાથ ધરવામાં આવી નથી.

સમય જતાં આ ખાડો ફરીથી ઊંડો અને નીચાણવાળો બની ગયો છે. માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને આ ખાડો સ્પષ્ટ દેખાતો ન હોવાથી વાહનો તેમાં ખાબકવાની ઘટનાઓ બનવાની શક્યતા વધી છે. ખાસ કરીને રાત્રિના સમયે આ ખાડો વધુ જોખમી સાબિત થઈ શકે છે.



હવે ચોમાસાની સ્થિતિને ધ્યાનમાં લેતા ખાડો વધુ વિકટ બને તે પહેલાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે ખાડામાં યોગ્ય ગરમ ડામર નાખી કાયમી સમારકામ કરવામાં આવે તેથી અકસ્માત ટાળી શકાય.

### સાધલી ગ્રામ પંચાયત માંથી રૂપિયા 11.64 લાખની

# ઉચાપત કરનાર તલાટીને શિનોર નામદાર કોર્ટ સમક્ષ રજુ કરતા ચાર દિવસના રિમાન્ડ આપ્યા

સાધલી, હસમુખ પટેલ

સાધલી પંચાયતમાંથી 18 મહિના પહેલાં રૂપિયા 11.64 લાખની ઉચાપત કરીને ભાગી ગયેલા તલાટી કમ મંત્રી નીતિન જેતાણી ગઈકાલે પકડાયા પછી નામદાર કોર્ટમાં રજૂ કરાતાં ચાર દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા છે. સાધલી ગ્રામ પંચાયત ના બેંકો ના ખાતામાંથી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવીને અને મિત્રના ખાતામાં જમા કરાવીને ઉપાડી લીધેલા સરકારી નાણા ની જાણકારી પંચાયતને થતા તારીખ 22 જાન્યુઆરી 2025 ના રોજ શિનોર પોલીસ સ્ટેશને નોંધવામાં આવ્યો હતો.

પરંતુ આરોપી ફરાર થઈ ગયા હતા જે દોઢ વર્ષ સુધી મળી આવ્યા નહોતા પરંતુ જાણવા મળ્યા મુજબ તેઓ પોતાના માતા પિતા તથા પોતાના વકીલ લઈને કરજણ મુકામે



આવતાં શિનોર પોલીસે ઝડપી લીધા હતા. અને શિનોર નામદાર કોર્ટમાં રજૂ કરી, આ ઉચાપતના નાણા કયાં વાપર્યા છે, અને શિનોર તાલુકાના અન્ય ગામોમાં નોકરી કરી હોય તો ત્યાં આવા કોઈ બનાવ બન્યા છે કે કેમ, તેની તપાસ માટે રિમાન્ડની માંગણી કરાતાં આગામી તારીખ 12 ઓગસ્ટ સવારના 11 કલાક સુધી ચાર દિવસના રિમાન્ડ આપ્યા છે.

સાધલી ગ્રામ પંચાયતની તારીખ 12 માર્ચ 2026 સુધી પંચાયત વેરાની વસુલાત તાલુકામાં સૌથી ઓછી હતી. અને ચાલુ વર્ષની વસુલાત ઉપરાંત પાછલા વર્ષોની લાખો રૂપિયાની વસૂલાત બાકી પડતી હતી. એક તબક્કે નબળી વસુલાતના કારણે તલાટીઓના પગાર પણ બંધ કરવામાં આવ્યા હતા.

સાધલી મુકામે ઉતરાજ રોડ પર આવેલ સાધલી સ્ક્વેર શોપિંગ સેન્ટર ના વેરા ઘણા વર્ષોથી બાકી હતા, ગામમાં એન.એ.થયેલ જમીનના પ્લોટોના વેરાઓ પણ બાકી પડતા હતા, તદુપરાંત સ્થાનિક વગવાળા રહેવાસીઓમાં અમુક રહેવાસીઓના વિવિધ વેરા જેમકે ઘરવેરો ,પાણી વેરો ,લાઈટ વેરો, સફાઈ વેરો ,ગટરવેરો ઘણા વર્ષોથી બાકી હતા. ગ્રામ પંચાયત અગાઉ વેરો ભર્યા પછી જે પાવતી આપતા હતા, તેમાં પાછલા બાકી, ચાલુ બાકી અને કુલ બાકી ની પુરેપુરી રકમ ભરીને આપતા હતા.

# તેલમાં બનતા નાસ્તાની ગુણવત્તાને લઈને ચર્ચા

### દાંતા–હડાદ તાલુકામાં અને અંબાજીમાં તેલમાં બનતા નાસ્તાની ગુણવત્તાને લઈને લોકોમાં ચર્ચાઓ જોવા મળી રહી છે

દાંતા

નાસ્તાની દુકાનોમાં વપરાતા તેલની ગુણવત્તા અંગે યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

નાસ્તો બનાવવા માટે વારંવાર ઉપયોગમાં લેવાતા તેલની ગુણવત્તા તેમજ ખાદ્ય ચીજવસ્તુઓની સ્વચ્છતા અંગે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સઘન તપાસ કરવામાં આવે તેવી લોકોમાં માંગ છે.દાંતા અને હડાદ તાલુકાના વિવિધ વિસ્તારોમાં નાસ્તાની દુકાનો, હોટલ તથા ખાણીપીણીના સ્થળોએ તપાસ કરી વપરાતા તેલ અને અન્ય ખાદ્ય ચીજોના નમૂના લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. લેવામાં આવેલા નમૂનાઓની નિયમ મુજબ લેબોરેટરીમાં તપાસ કરવામાં આવે અને ખાદ્ય ચીજોની ગુણવત્તા અંગે યોગ્ય રિપોર્ટ જાહેર કરવામાં આવે તેવી પણ માંગ છે.ખાસ કરીને નાસ્તો બનાવવામાં વપરાતા તેલની ગુણવત્તા, સંગ્રહ કરવાની રીત, વારંવાર તેલનો ઉપયોગ થાય છે કે નહીં તેમજ ખાદ્ય ચીજોમાં સ્વચ્છતાના નિયમોનું પાલન થાય છે કે નહીં તેની તપાસ કરવામાં આવે તેવી લોકોની માંગ છે.જો સત્તાવાર તપાસ દરમિયાન કોઈ દુકાન કે ખાણીપીણીના સ્થળે ખાદ્ય સુરક્ષાના નિયમોનો ભંગ જણાય તો સંબંધિત જવાબદારો સામે નિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### શિનોર તાલુકા આદિવાસી સમાજ દ્વારા

# 9 ઓગસ્ટ 2026 વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભવ્ય વાહન રેલી કાઢી

### ધારાસભ્ય અક્ષય પટેલ જોડાયા : સાધલી મુકામે ભગવાન બિરસા મુંડાજી ની પ્રતિમાને ફુલહાર કરી આદિવાસી સંસ્કૃતિ મુજબ ટીમલી રમ્યા





સાધલી, હસમુખ પટેલ

આજે તારીખ 9 ઓગસ્ટ એટલે વિશ્વ આદિવાસી દિવસ. શિનોર તાલુકાના શેગવા મુકામે આદિવાસી ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર થયા અને આદિવાસી વેશભૂષામાં સર્જ થઈને અલ્પેશભાઈ વસાવા તથા તમામ આદિવાસી આગેવાનો એ બાઈક તથા વાહન રેલી ની શરૂઆત કરી સેગવાથી માલપુર ,અવાખલ અને સાધલી ભગવાન બિરસા મુંડા સર્કલ પાસે આવી પહોંચતાં ધારાસભ્ય અક્ષય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ પતિ વસંત રબારી અને સાધલી સરપંચ સંકેત પટેલ પણ આ રેલીમાં જોડાયા તથા ધારાસભ્ય અક્ષય પટેલ સાથે ભગવાન બિરસા મુંડાજી ની પ્રતિમા ને ફૂલ હાર પહેરાવી, ધારાસભ્ય અક્ષય પટેલે આદિવાસી ભાઈઓ સાથે ટીમલી રમી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અક્ષય પટેલે ઉદબોધન કરતા શિનોર તાલુકા આદિવાસી સમાજના તમામ આગેવાનો તથા હજારો ભાઈ બહેનોને આવી એકતા અને અખંડિતતા બતાવવા બદલ અને તેઓને આમંત્રણ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને તાલુકાના વિકાસમાં આપણે સૌ સાથે મળીને સૌનો સાથ સૌનો વિકાસ એ સૂત્રને સાચા કરીશું ,એમ જણાવ્યું હતું. શિનોર તાલુકાની આદિવાસી સમાજની આ વિશાળ રેલીએ એકતા સંસ્કૃતિ અને ગૌરવ નો સંદેશ આપ્યો હતો. અને જ્યાંથી રેલીની શરૂઆત થઈ હતી તે સેગવા થી સાધલી ,શિનોર ના ગામોમાં ફરીને સેગવા મુકામે સમાપન કરવામાં આવ્યું હતું.



### અભિનેત્રીએ કહ્યું- ભાઈ આરામ કરો, Gen Z જરૂરી મુદ્દા ઉઠાવશે

# મૃણાલે ક્રિકેટર યશસ્વી સાથે ડેટિંગ પર મૌન તોડ્યું: અફવાઓ તેજ બની

મુંબઈ

અભિનેત્રી મૃણાલ ઠાકુર અને ભારતીય ક્રિકેટર યશસ્વી જયસ્વાલ આ દિવસોમાં તેમની કથિત ડેટિંગને લઈને ચર્ચામાં છે. બંનેને મુંબઈના બાંદ્રા સ્થિત એક કેફેની આસપાસ જોયા બાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેના આધારે બંનેના સંબંધોને લઈને અટકળો શરૂ થઈ હતી.

ખાસ વાત એ છે કે યશસ્વી ઉંમરમાં મૃણાલથી લગભગ 10 વર્ષ નાના છે. જોકે, આ વાયરલ વીડિયો બાદ બંનેના સંબંધોની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ ન હતી. હવે મૃણાલ ઠાકુરે પોતે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપીને સ્થિતિ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર વાયરલ દાવાઓને લઈને લોકોને કહ્યું કે તેઓ થોડો આરામ કરે અને પુષ્ટિ વિના આવી વાતો ફેલાવવાનું ટાળે. મૃણાલ ઠાકુર અને યશસ્વી જયસ્વાલના કથિત સંબંધોની ચર્ચા જુલાઈના અંતમાં શરૂ થઈ હતી. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થયો, જેમાં મૃણાલને મુંબઈના બાંદ્રા વેસ્ટ વિસ્તારના એક કેફેમાંથી બહાર નીકળતા બતાવવામાં આવી હતી. આ પછી વીડિયોને યશસ્વી જયસ્વાલ સાથે જોડીને વિવિધ દાવાઓ કરવામાં આવ્યા. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે તેને બંનેના ડેટિંગનો પુરાવો પણ ગણાવવાનું શરૂ કરી દીધું. જોકે, તે સમયે ઉપલબ્ધ માહિતીમાં આવી કોઈ ડેટની પુષ્ટિ થઈ ન હતી. વાયરલ ક્લિપના આધારે સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે મૃણાલ અને યશસ્વી એક જ જગ્યાએ પહોંચ્યા હતા અને બાદમાં અલગ-અલગ ત્યાંથી નીકળ્યા હતા. આ જ વાતથી અફવાઓને વધુ વેગ મળ્યો. જોકે, કેટલીક સોશિયલ મીડિયા ચર્ચાઓમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે વાયરલ ક્લિપને અલગ-અલગ વીડિયોને જોડીને તૈયાર કરવામાં આવી હતી. તેથી વીડિયોને બંનેના સંબંધનો પાક્કો પુરાવો માનવો યોગ્ય નહોતો. હવે મૃણાલે પોતે આપ્યો જવાબ લગાતાર ચાલી રહેલી આ અફવાઓ વચ્ચે મૃણાલ ઠાકુરે હવે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપી છે. તેમણે વાયરલ દાવાઓને લઈને સ્પષ્ટપણે નારાજગી વ્યક્ત કરી અને લખ્યું- 'Bro relax' એટલે કે ભાઈ, થોડો આરામ કરો. તેમની પ્રતિક્રિયાનો અંદાજ એ દર્શાવે છે કે તેઓ આ પ્રકારની અટકળોને ગંભીરતાથી લઈ રહ્યા નથી.

**અભિનેત્રી મૃણાલ ઠાકુર અને ભારતીય ક્રિકેટર યશસ્વી જયસ્વાલ આ દિવસોમાં તેમની કથિત ડેટિંગને લઈને ચર્ચામાં**

# પેપરાઝી પર ભડકી નતાશા સ્ટેનકોવિક

### નતાશા તેના નજીકના મિત્ર અને મોડેલ એલેક્ઝાન્ડર એલેક્સ ઇલિક સાથે જોવા મળી

મુંબઈ

ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યાની ભૂતપૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક પેપરાઝી પર ભડકી ઉઠી. આ ઘટના શનિવારે રાત્રે બની, જ્યારે નતાશાને મુંબઈના જુહુ વિસ્તારમાં સ્પોટ કરવામાં આવી હતી.

નતાશા તેના નજીકના મિત્ર અને મોડેલ એલેક્ઝાન્ડર એલેક્સ ઈલિક સાથે જોવા મળી. પેપરાઝીએ તેમને કેમેરામાં કેદ કરવા માટે ઘેરી લીધા અને સતત તસવીરો લેવા લાગ્યા. આ દરમિયાન નતાશા અનકમ્ફર્ટેબલ દેખાઈ. તે પેપરાઝી દ્વારા સતત તસવીરો લેવાથી અને પ્રાઈવસીમાં દખલ દેવાથી નારાજ દેખાઈ. જણાવી દઈએ કે હાર્દિકે મે 2020માં નતાશા સ્ટેનકોવિક સાથે લગ્ન કર્યા હતા. એ જ વર્ષે નતાશાએ 30 જુલાઈ 2020ના રોજ પુત્ર અગસ્ત્યને જન્મ આપ્યો હતો. વર્ષ 2024માં બંને અલગ થઈ ગયા. હાર્દિક આ દિવસોમાં માહિકા શર્માને ડેટ કરી રહ્યો છે. બીજી તરફ, હાર્દિક પંડ્યાએ ફેબ્રુઆરી મહિનામાં પુત્ર અગસ્ત્ય પંડ્યાને એક લક્ઝરી કાર ગિફ્ટ કરી હતી. કાર ડિલિવરીના ફોટો-વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા. હાર્દિકે પુત્રને લેન્ડ રોવર ડિફેન્ડર ગિફ્ટ કરી હતી, જેની કિંમત લગભગ 4 કરોડ રૂપિયા જણાવવામાં આવી હતી. ખરેખર, લેન્ડ રોવર મુંબઈના ઈન્સ્ટાગ્રામ પેજ પર તસવીરો અને વીડિયો શેર કરતા કેપ્શનમાં લખવામાં આવ્યું હતું, 'હાર્દિક પંડ્યાએ ફરી એકવાર પોતાની ડિફેન્ડર ખરીદવા માટે નવનીત મોટર્સને પસંદ કરી. વિશ્વાસ પર બનેલો સંબંધ. ઉત્કૃષ્ટતા પર આધારિત નિર્ણય. મુંબઈમાં ડિલિવર, લેન્ડ રોવર ડિફેન્ડર. અગસ્ત્ય પંડ્યા અને સ્ટેનકોવિકને પ્રસ્તુત. દમદાર પર્ફોર્મન્સ માટે તૈયાર. આગળ વધીને નેતૃત્વ કરનારાઓ માટે બનાવવામાં આવી છે.'



# ખતરનાક એક્શનથી ભરપૂર 'ટોક્સિક'નું ટ્રેલર આઉટ

### 'કેજીએફ 2' પછી યશની આ ફિલ્મ 26 ઓગસ્ટ, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે, જેની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

મુંબઈ

કન્નડ એક્ટર યશ લાંબા સમયથી ફિલ્મ 'ટોક્સિક'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મની રિલીઝની દર્શકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ફિલ્મની રિલીઝમાં તો હજુ વાર છે પરંતુ મૂવીના ટ્રેલરની રાહ ચોક્કસપણે પૂરી થઈ ગઈ છે. ફિલ્મનું ટ્રેલર યુટ્યુબ પર આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર છવાઈ ગયું છે. તેને દર્શકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જોરદાર એક્શન, રોમાન્સ અને સસ્પેન્સ યશની ફિલ્મ 'ટોક્સિક'ના ટ્રેલરમાં શાનદાર એક્શન સીક્વન્સ જોવા મળે છે. તેમાં યશની કિયારા અડવાણી અને તારા સુતારિયા બંને એક્ટ્રેસ સાથે કમાલની કેમેસ્ટ્રી જોવા મળી રહી છે. ટ્રેલર જોઈને એક વાત તો સ્પષ્ટ છે કે ફિલ્મમાં હાઈ ઓક્ટેન સીક્વન્સ સાથે રોમાન્સ પણ ભરપૂર છે. એટલું જ નહીં, ફિલ્મના ટ્રેલરમાં સસ્પેન્સ અને થ્રિલ પણ જબરદસ્ત જોવા મળી રહ્યું છે. તેમાં એક્શન સીક્વન્સ એવા છે કે તમે 'એનિમલ', 'પુષ્પા' અને 'કેજીએફ 2' જેવી ફિલ્મોને પણ ભૂલી જશો. તમને જણાવી દઈએ કે યશની ફિલ્મ 'ટોક્સિક'ને પહેલા સિનેમાઘરોમાં 19 માર્ચે રિલીઝ કરવાની હતી. ફિલ્મની તમામ તૈયારીઓ પણ થઈ ચૂકી હતી. તેના પોસ્ટર અને ટીઝર વીડિયો પહેલાથી જ આવી ચૂક્યા હતા પરંતુ આ દરમિયાન આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર 2 ધ રિવિન્જ'ની રિલીઝની જાહેરાત પણ 19 માર્ચે જ કરવામાં આવી, ત્યારબાદ 'ધુરંધર'ની આંધીને જોતા મેકર્સે તેની રિલીઝને પાછી ઠેલવી કરી દીધી. જો કે, મેકર્સે ફિલ્મને પોસ્ટપોન કરવા પાછળનું કારણ મધ્ય પૂર્વ ખાડી યુદ્ધ બતાવ્યું હતું. તમને જણાવી દઈએ કે યશ છેલ્લે ફિલ્મ 'કેજીએફ 2'માં જોવા મળ્યા હતા, જે વર્ષ 2022માં રિલીઝ થઈ હતી અને આ ફિલ્મે બોક્સ ઓફિસ પર કમાલનું પ્રદર્શન કર્યું હતું. જ્યાં કોવિડ-19 મહામારીના સમયે કોઈ પણ ફિલ્મો કમાણી નહોતી કરી શકતી, ત્યાં 'કેજીએફ 2' એ રેકોર્ડબ્રેક કમાણી કરી હતી.





# 'મેં આમિર ખાનને ઈગ્નોર નથી કર્યા':દાવાઓ પર ભડકી પ્રીતિ

### પ્રીતિએ પોસ્ટને 'ક્લિકબેટ કન્ટેન્ટ' ગણાવ્યું અને કહ્યું કે તેણે તે સમયે આમિરને જોયો જ નહોતો

મુંબઈ

પ્રીતિ ઝિન્ટાએ ફિલ્મ 'બટવારા 1947'ના પ્રમોશન દરમિયાન આમિર ખાનને અવગણવાના દાવાઓને નકારી કાઢ્યા. પ્રીતિએ પોસ્ટને 'ક્લિકબેટ કન્ટેન્ટ' ગણાવ્યું અને કહ્યું કે તેણે તે સમયે આમિરને જોયો જ નહોતો.

ખરેખરમાં, એક પેપરાઝી એકાઉન્ટે ફિલ્મના પ્રમોશનલ ઈવેન્ટનો વીડિયો પોસ્ટ કર્યો હતો. વીડિયોમાં પ્રીતિ પોતાની વેનિટી વાનમાંથી બહાર નીકળીને ફોટોગ્રાફર્સને પૂછતી જોવા મળી, 'એક મિનિટ, ગાઈઝ, ક્યાં જવાનું છે?' ફોટોગ્રાફર્સ દ્વારા દિશા બતાવ્યા પછી પ્રીતિ બીજી તરફ ચાલી ગઈ. આમિર પોતાની વેનિટી વાન પાસે ઊભા હતા, પરંતુ પ્રીતિએ તેમની તરફ ધ્યાન આપ્યું નહીં. ત્યારબાદ એક પેપરાઝી પેજે વીડિયો સાથે કેપ્શન લખ્યું, 'ઓહ નો, પ્રીતિ ઝિન્ટાએ આમિર ખાનને ઈગ્નોર કર્યા?' વીડિયો પછી સોશિયલ મીડિયા યુઝર્સે બંને કલાકારો વચ્ચે કોઈ વિવાદ કે અસહજ સંબંધને લઈને અટકળો લગાવવાનું શરૂ કર્યું. પ્રીતિએ બાદમાં આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા વીડિયો રજૂ કરવાની રીતની ટીકા કરી.

તેમણે લખ્યું, 'આ પ્રકારનું ક્લિકબેટ કન્ટેન્ટ બરાબર નથી. મેં આમિરને જોયા નહોતા, કારણ કે હું અંદર કેટલાક શોટ્સ શૂટ કરવાની ઉતાવળમાં હતી અને પછી 'બંટવારા 1947'ના પ્રમોશન માટે ફ્લાઈટ પકડવાની હતી.' પ્રીતિએ આગળ લખ્યું, 'આવતી વખતે, જો તમારો ઈરાદો કોઈપણ પ્રકારની નકારાત્મકતાને પ્રોત્સાહન આપવાનો હોય, તો મારી પાસેથી એવી અપેક્ષા ન રાખો કે હું રોકાઈને તસવીરો પડાવીશ. આમિર માટે મારા મનમાં ખૂબ પ્રેમ અને સન્માન છે, તેથી આ પોસ્ટ સારી વાત નથી.' જણાવી દઈએ કે પ્રીતિ ઝિન્ટા ટૂંક સમયમાં આગામી ફિલ્મ 'બંટવારા 1947'માં જોવા મળશે. ફિલ્મમાં સની દેઓલ, કરણ દેઓલ, શબાના આઝમી, અલી ફઝલ અને અભિમન્યુ સિંહ પણ છે. ફિલ્મના ડિરેક્ટર રાજકુમાર સંતોષી છે અને તેના પ્રોડ્યુસર આમિર ખાન (આમિર ખાન પ્રોડક્શન્સ) તથા અપર્ણા પુરોહિત છે.

# બોક્સ ઓફિસ પર ટોમનો જાદુ યથાવત, 'સ્પાઈડર-મેને રિલીઝ થયાના 9 દિવસમાં અનેક રેકોર્ડ તોડ્યાં

મુંબઈ

હોલિવુડના સુપરહીરો સ્પાઈડર-મેનનો ક્રેઝ ભારતીય દર્શકોના માથે ચડી રહ્યો છે. ટોમ હોલેન્ડ સ્ટારર ફિલ્મ 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' ભારતીય બોક્સ ઓફિસ પર એક પછી એક કમાણીના નવા રેકોર્ડ સર્જી રહી છે. પ્રથમ અઠવાડિયામાં જ રૂપિયા 300 કરોડથી વધુનો બિઝનેસ કરનાર આ ફિલ્મે બીજા અઠવાડિયામાં પ્રવેશતાની સાથે જ કમાણીની રફતાર જાળવી રાખી છે. કમાણીની વાત કરવામાં આવે તો, રિલીઝના 9મા દિવસે આ માર્વેલ બ્લોકબસ્ટર ફિલ્મે દેશભરના લગભગ 13,544 શોમાંથી અંદાજે રૂપિયા 14.50 કરોડનું શાનદાર કલેક્શન કર્યું છે. બીજા શુક્રવારે ફિલ્મની કમાણીમાં લગભગ 1.8%નો વધારો જોવા મળ્યો હતો. ભારતમાં ફિલ્મનું કુલ નેટ કલેક્શન રૂપિયા 349.25 કરોડને પાર પહોંચી ગયું છે. જ્યારે ગ્રોસ કલેક્શન રૂપિયા 417.63 કરોડ થઈ ચૂક્યું છે. હવે આ ફિલ્મ ભારતમાં રૂપિયા 350 કરોડનો આંકડો પાર કરી લેશે. ભારતમાં આ સુપરહીરો ફિલ્મને મળી રહેલી સફળતામાં સૌથી મોટો ફાળો ઈંગ્લિશ વર્ઝનનો રહ્યો છે. અત્યાર સુધીમાં ઈંગ્લિશ ભાષામાંથી ફિલ્મે રૂપિયા 191.35 કરોડની નેટ કમાણી કરી છે, જ્યારે હિંદી ડબ વર્ઝને રૂપિયા 124.40 કરોડનો વેપાર કર્યો છે. આ સિવાય બાકીની રૂપિયા તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષામાં છાપી લીધા છે. પોતાની રિલીઝના 9મા દિવસે સ્પાઈડર-મેને બોલીવુડની સુપરહિત ફિલ્મ 'બોર્ડર 2'ના કુલ કલેક્શનના રેકોર્ડને તોડી નાખ્યો છે. સન્ની દેઓલની 'બોર્ડર 2'એ ભારતમાં લાઈફટાઈમ રૂપિયા 329.43 કરોડનું કલેક્શન કર્યું હતું. જેને 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે'એ માત્ર 9 દિવસમાં જ રૂપિયા 349.25 કરોડ કમાઈને પાછળ છોડી દીધી છે. હવે 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' રણવીર સિંહની ફિલ્મ ધુરંધરનો રેકોર્ડ પણ તોડી દેશે તેવું લાગી રહ્યું છે.



પાક્કો ગુજરાત
સોમવાર | 10 ઓગસ્ટ 2026 | અમદાવાદ

## વોર્મઅપ મેચમાં શ્રીલંકા-XIને 6 વિકેટે હરાવ્યું; ઈજામાંથી પરત ફરેલા ગિલે 44 રન બનાવ્યા

# સિરાજે સતત ત્રણ છગ્ગા ફટકારીને ભારતને જીતાડ્યું

કોલંબો

ભારતે ટેસ્ટ સિરીઝ પહેલાં વોર્મઅપ મેચમાં શ્રીલંકા-XIને 6 વિકેટથી હરાવ્યું. મોહમ્મદ સિરાજે સતત ત્રણ છગ્ગા ફટકારીને ટીમ ઈન્ડિયાને જીત અપાવી. કોલંબોમાં મેચના છેલ્લા દિવસે રવિવારની રમત પૂરી થતાં પહેલાં ભારતને જીત માટે 16 રનની જરૂર હતી. એવામાં સિરાજે કેશરા નુવંથાની ઓવરના શરૂઆતના ત્રણ બોલ પર સતત ત્રણ છગ્ગા ફટકાર્યા. આંગળીની ઈજામાંથી કમબેક કરી રહેલા કપ્તાન શુભમન ગિલે 44 રનની ઈનિંગ રમી. તેણે યશસ્વી જયસ્વાલ સાથે 105 રનની ભાગીદારી કરી. ભારતને 207 રનનો ટાર્ગેટ મળ્યો હતો. તેણે દિવસની રમત શરૂ થતાં પહેલાં જ પહેલી ઈનિંગ 357/6ના સ્કોર પર ડિકલેર કરી હતી. ત્યારબાદ શ્રીલંકા ક્રિકેટ XIએ પોતાની બીજી ઈનિંગ 200/6ના સ્કોર પર ડિકલેર કરી. શ્રીલંકા-XIએ પહેલી ઈનિંગમાં



363/8નો સ્કોર બનાવ્યો હતો. ભારત મેચ જીત્યા પછી પણ કેમ રમ્યું? ભારતના મેચ જીત્યા પછી પણ રમત ચાલુ રહી. અમ્પાયર્સે કેશરા નુવંથાની ઓવર પૂરી કરાવી. સિરાજે ઓવરના બાકીના ત્રણેય બોલ રમ્યા. હકીકતમાં પ્રેક્ટિસ મેચ પરિણામ સિરીઝ કે ટુર્નામેન્ટની જીત-હારમાં જોડાતું નથી. મેચનો હેતુ ખેલાડીઓને મેદાન અને પીચની પરિસ્થિતિ મુજબ તૈયાર કરવાનો હોય છે. આમાં ટીમ પોતાની પ્લેઈંગ-11 માં સ્ક્વોડમાં સામેલ તમામ 15 ખેલાડીઓને રમાડી શકે છે.

જો ટીમ ઈચ્છે તો મેચ જીત્યા પછી પણ તે નક્કી કરેલી પૂરી ઓવરો સુધી બેટિંગ કરી શકે છે. નેટ સેશન દરમિયાન ગિલને ઈજા થઈ હતી વોર્મઅપ મેચ શરૂ થવાના એક દિવસ પહેલાં ગુરુવારે ટ્રેનિંગ દરમિયાન ગિલની આંગળીમાં ઈજા થઈ હતી. આ પછી તે મેચના પહેલા બે દિવસ મેદાન પર નહોતો ઉતર્યો. BCCIએ પોતાના નિવેદનમાં કહ્યું હતું, 'ગુરુવારે ભારતના પ્રેક્ટિસ સેશન દરમિયાન કપ્તાન શુભમન ગિલના જમણા હાથની આંગળીમાં ઈજા થઈ હતી. સાવચેતીના ભાગરૂપે તેઓ શ્રીલંકા ક્રિકેટ XI સામેની પ્રેક્ટિસ મેચના પહેલા દિવસે મેદાન પર નહીં ઉતરે.

## શાહનવાઝ ખાને લોંગ જમ્પમાં બ્રોન્ઝ જીત્યો

વોશિંગ્ટન

ભારતીય એથ્લેટ શાહનવાઝ ખાને રવિવારે અમેરિકાના યુજીનમાં ચાલી રહેલી અંડર-20 વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની લોંગ જમ્પમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. તેણે ફાઈનલમાં ત્રીજા રાઉન્ડમાં 7.84 મીટરનો કૂદકો લગાવીને પોડિયમ સ્થાન હાંસલ કર્યું. 18 વર્ષીય શાહનવાઝ આ ચેમ્પિયનશિપમાં મેડલ જીતનાર ત્રીજો ભારતીય છે. તે પહેલા શનિવારે આશિષ



યાદવે જેવલિન થ્રોમાં અને બાસંત કુમાર મેઘવાલે હાઈ જમ્પમાં સિલ્વર જીત્યો. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ રવિવારે પોસ્ટ કરીને લખ્યું, શાહનવાઝે બ્રોન્ઝ મેડલ જીત્યો. ફેડરેશને આગળ લખ્યું કે, આ એક સંઘર્ષપૂર્ણ સ્પર્ધા હતી. શરૂઆતમાં પાછળ રહ્યા પછી શાહનવાઝે પૂરી તાકાત લગાવી. તેણે ત્રીજા રાઉન્ડમાં શાનદાર 7.84 મીટરની છલાંગ લગાવી અને પાંચમા રાઉન્ડમાં 7.83 મીટર સાથે તેને મજબૂત કરી. ઈટાલીના ઈન્જોલીએ જીત્યો ગોલ્ડ ઈટાલીના ઈન્જોલીએ 7.97 મીટરની છલાંગ સાથે ગોલ્ડ અને ઓસ્ટ્રેલિયાના મેકગ્રોડરે 7.96 મીટર સાથે સિલ્વર મેડલ જીત્યો. બસંત મેઘવાલે હાઈ જમ્પમાં સિલ્વર જીત્યો આ પહેલા બસંત કુમાર મેઘવાલે હાઈ જમ્પમાં પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લાના અનૂપગઢ શહેરના 19 વર્ષીય મેઘવાલે 2.21 મીટરની ઊંચાઈ પાર કરી હતી.

### એક અઠવાડિયામાં ભારતનું બીજું BWF ટાઇટલ

## અસ્મિતાએ કોરિયા માસ્ટર્સ જીત્યો, ફાઇનલમાં ચીનની ખેલાડીને હરાવી

મુંબઈ

ભારતીય બેડમિન્ટન ખેલાડી અશ્મિતા ચાલિહાએ રવિવારે કોરિયા માસ્ટર્સ સુપર 300 મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો. તેણે 53 મિનિટ ચાલેલી ફાઈનલ મેચમાં ચીનની ચોથી સીડ હાન કિયાન શીને હરાવી. તેણે 14-21, 21-14, 21-14થી જીત નોંધાવીને પોતાનો પ્રથમ BWF વર્લ્ડ ટૂર ખિતાબ જીત્યો. ભારતે સતત બીજો BWF વર્લ્ડ ટૂર ફાઈનલનો ખિતાબ પોતાના નામે કર્યો. આ પહેલા તન્વી શર્માએ ગયા રવિવારે એટલે કે 2 ઓગસ્ટે તાઈપે ઓપન જીત્યો હતો. અશ્મિતાએ મેચની




શરૂઆતમાં 3-0ની લીડ બનાવી. તે શરૂઆતના રાઉન્ડમાં 9-5થી આગળ હતી. ત્યારબાદ હાને વાપસી કરી અને બંને ખેલાડીઓ 11-11ની બરાબરી પર પહોંચી ગઈ. ચીની ખેલાડીએ સતત પોઈન્ટ મેળવીને રમત પર નિયંત્રણ મેળવ્યું. હાને પહેલો ગેમ જીતીને લીડ મેળવી. અશ્મિતાએ બીજા ગેમમાં આક્રમક રમત બતાવી. તેણે સ્મેશથી હાન પર દબાણ બનાવ્યું અને ઝડપી ડિફેન્સિવ રિટર્નથી 6-6 પછી લીડ બનાવી લીધી. બ્રેકના સમયે અશ્મિતા 11-8થી આગળ હતી. આ પછી પણ તેણે રેલીઓ પર નિયંત્રણ જાળવી રાખ્યું. હાન અંતર ઓછું કરી શકી નહીં અને અશ્મિતા 17-10થી આગળ થઈ ગઈ. ભારતીય ખેલાડીએ વધુ એક ઝડપી એટેકિંગ શોટ સાથે ગેમ 21-14થી જીતીને મુકાબલો બરાબર કરી દીધો. અંતિમ ગેમની શરૂઆતમાં બંને ખેલાડીઓ વચ્ચે સખત મુકાબલો રહ્યો. અશ્મિતાએ 5-2ની લીડ બનાવી, પરંતુ મિડ-ગેમ બ્રેક સુધી હાન 11-9થી આગળ નીકળી ગઈ.

# ટેસ્ટ સિરીઝ પહેલાનેટ્સમાં પરત ફર્યો ગિલ!

### 15 ઓગસ્ટથી શરૂ થતી પ્રથમ ટેસ્ટમાં તેની ઉપલબ્ધતાની ચિંતા દૂર થઈ

મુંબઈ

શ્રીલંકા સામેની આગામી બે મેચોની મહત્વપૂર્ણ ટેસ્ટ સીરિઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમ અને ચાહકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. શ્રીલંકા સામેની ત્રણ દિવસીય વોર્મ-અપ મેચમાંથી બહાર રહ્યા બાદ, ભારતીય કેપ્ટન શુભમન ગિલે રવિવારે ફરીથી બેટિંગ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. પ્રેક્ટિસ દરમિયાન લાગી હતી આંગળીમાં ઈજા ગુરુવારે પ્રેક્ટિસ સેશન દરમિયાન બેટિંગ કરતી વખતે 26 વર્ષીય શુભમન ગિલને જમણા હાથની અનામિકા (રિંગ ફિંગર) પર ઈજા થઈ હતી. સાવચેતીના પગલાં: NCC ગ્રાઉન્ડ ખાતે રમાયેલી એકમાત્ર વોર્મ-અપ



મેચમાં બીસીસીઆઈ દ્વારા સાવચેતીના ભાગરૂપે તેને આરામ આપવામાં આવ્યો હતો.

કાર્યકારી સુકાની: ગિલની ગેરહાજરીમાં સિનિયર વિકેટકીપર-બેટર કે. એલ. રાહુલે ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. જાડેજાને મોકો: મેચના બીજા દિવસે પણ ગિલ બેટિંગ કરવા નહોતો ઉતર્યો, અને તેના સ્થાને અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જડેજા ચોથા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો. નેટ્સમાં પરસેવો પાડ્યો વૉર્મ-અપ મેચના અંતિમ દિવસે ગિલની વાપસીથી પ્રથમ ટેસ્ટમાં તેની ઉપલબ્ધતા અંગેની તમામ ચિંતાઓ દૂર થઈ ગઈ છે. સાઈડ નેટ્સમાં લાંબા સમય સુધી ચાલેલા પ્રેક્ટિસ સેશનમાં ગિલે સંપૂર્ણ રીતે ભાગ લીધો હતો. ગિલ સીમર્સ અને સ્પિનર્સ બંને સામે કોઈ પણ પ્રકારની તકલીફ વગર સહજતાથી બેટિંગ કરતો જોવા મળ્યો હતો. ભારતીય ટીમે છેલ્લે જૂન મહિનામાં ન્યૂ ચંદીગઢ ખાતે અફઘાનિસ્તાન સામે એકમાત્ર ટેસ્ટ મેચ રમી હતી.



### વીમા પોલિસીઓ માટેની માંગમાં જોવાયેલો વધારો

# જીવન વીમા કંપનીઓની આવકમાં 20% વૃદ્ધિ

મુંબઈ

જુલાઈમાં જીવન વીમા કંપનીઓના નવા બિઝનેસ પ્રીમિયમ મારફતની આવક વાર્ષિક ધોરણે ૨૦.૭૦ ટકા વધી રૂપિયા ૪૭૦૦૪.૮૪ કરોડ રહી હતી. જૂનમાં આ વધારો ૧૩ ટકા રહ્યો હતો. ગુરુપ વીમા પોલિસી માટેના આકર્ષણમાં વધારો થઈ રહ્યો છે. લાઈફ ઈન્સ્યૂરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) તથા ખાનગી જીવન વીમા કંપનીઓ દ્વારા મેળવાયેલા જંગી પ્રીમિયમને પરિણામે ૨૦ ટકાથી વધુ વધારો થયો હતો. લાઈફ ઈન્સ્યૂરન્સ કાઉન્સિલ દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે, લાઈફ ઈન્સ્યૂરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી)ની નવા બિઝનેસ પ્રીમિયમ મારફતની આવક ૨૩.૭૭ ટકા વધી રૂપિયા




૨૭૯૯૩.૬૦ કરોડ રહી હતી, જ્યારે ખાનગી જીવન વીમા કંપનીઓની આ આવક ૧૬.૩૪ ટકા વધી રૂપિયા ૧૯૦૧૧.૨૩ કરોડ રહી હતી. જુલાઈની સારી કામગીરીને પરિણામે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ચાર મહિનાની નવા બિઝનેસ પ્રીમિયમ મારફતની આવકમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. એપ્રિલ-જુલાઈના ગાળામાં નવા બિઝનેસ પ્રીમિયમ મારફતની આવક વાર્ષિક ધોરણે ૧૭.૪૫ ટકા વધી રૂપિયા ૧.૫૬ ટ્રિલિયન રહી હતી. એપ્રિલ-જૂનમાં આ વૃદ્ધિ ૧૬.૬૦ ટકા રહી હતી. એપ્રિલ-જુલાઈના ગાળામાં ખાનગી જીવન વીમા કંપનીઓની નવા બિઝનેસ પ્રીમિયમ મારફતની આવક ૨૩ ટકા વધી રૂપિયા ૬૨૦૮૨.૮૦ કરોડ રહી હતી જ્યારે એલઆઈસીની આવક ૧૪.૦૪ ટકા વધી રૂપિયા ૯૩૫૪૨.૪૯ કરોડ રહી હતી. એલઆઈસીમાં ગુરુપ વીમાની ઊંચી માગ જોવા મળી રહી છે. જુલાઈમાં જુથ વીમા પ્રીમિયમ આવકમાં ૩૦ ટકા જેટલો વધારો થઈ રૂપિયા ૨૧૫૩૬ કરોડ રહી છે જ્યારે વ્યક્તિગત પ્રીમિયમ મારફતની આવક ૬.૮૦ ટકા વધી રૂપિયા ૬૪૫૭ કરોડ રહી હોવાનું પણ કાઉન્સિલના ડેટા જણાવે છે.

### ભારતે અમેરિકાથી 36 લાખ ટન LPG આયાત કર્યું

# ભારતની LPG આયાતમાં અખાતી દેશોના હિસ્સામાં ઘટાડો

**પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ભારતના ઇંધણના સપ્લાયરોમાં ફેરફાર જોવા મળ્યો છે. હોર્મુઝ ખાડી બંધ થતા, ભારતે અમેરિકાથી LPGની ખરીદીમાં નોંધપાત્ર વધારો કર્યો છે.**

મુંબઈ

પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે ભારતના ઈંધણના પૂરવઠેદારોમાં પણ ફેરબદલ જોવા મળી રહ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે હોર્મુઝ ખાડી બંધ પડી જવાને પરિણામે અમેરિકા ખાતેથી ભારતની લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) ખરીદીમાં નોંધપાત્ર વધારો થયો છે. ભારતની એલપીજીની આયાતમાં અમેરિકાના હિસ્સામાં જોરદાર વધારો થયો છે.ૉ ૧૦૦ ટકા ટેરિફની લટકતી તલવારને પગલે આવનારા દિવસોમાં આ હિસ્સામાં વધારો થવાની પણ શકયતા રહેલી છે. અખાતી વિસ્તારમાંથી ભારતની એલપીજી આયાત ઘટી ગઈ છે જ્યારે અમેરિકા ખાતેથી પૂરવઠામાં વધારો થયો હોવાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. વર્તમાન વર્ષના જાન્યુઆરીથી જુલાઈના ગાળામાં અમેરિકા ખાતેથી ભારતે ૩૬ લાખ ટન એલપીજીની આયાત કરી છે જ્યારે આજ ગાળામાં અખાતી વિસ્તારમાંથી આયાત ઘટી ૫૩ લાખ ટન રહી છે. પશ્ચિમ એશિયા




યુદ્ધ પહેલા ભારત એલપીજીની ૯૦ ટકા આયાત યુએઈ, સાઉદી અરેબિયા, કતાર તથા કુવૈત જેવા અખાતી દેશો ખાતેથી કરતું હતું. એલપીજીની એકંદર આવશ્યકતામાંથી ૬૦ ટકા આયાત મારફત પૂરી કરે છે. જૂનની સરખામણીએ જુલાઈમાં અમેરિકા ખાતેથી એલપીજી આયાત ૨૪ ટકા વધી ૮.૯૬ લાખ ટન રહી છે. જ્યારે યુએઈ ખાતેથી આયાત ૩૫ ટકા ઘટી ૧.૦૨ લાખ ટન રહી છે અને સાઉદી ખાતેથી ગત મહિને એલપીજીની આયાત જરા પણ થઈ નહીં હોવાનો રિપોર્ટમાં દાવો કરાયો છે. કુવેત ખાતેથી પણ આયાત ૪૩ ટકા ઘટી ૩૩૦૦૦ ટન રહી છે જ્યારે કતાર ખાતેથી માત્ર ૧૯૦૦૦ ટન એલપીજીની ખરીદી શકય બની છે. યુદ્ધ પહેલા જાન્યુઆરીમાં અમેરિકા પાસેથી ભારતે ૨.૬૮ લાખ ટન અને યુએઈ પાસેથી ૮.૨૬ લાખ ટન એલપીજીની ખરીદી કરી હતી. જાન્યુઆરીમાં ૧૨ ટકાની સામે જુલાઈમાં એલપીજી આયાતમાં અમેરિકાનો હિસ્સો વધી ૭૩ ટકા પર આવી ગયો છે, જ્યારે યુએઈનો હિસ્સો ૩૭ ટકા પરથી ઘટી ૮.૨૦ ટકા અને કતારનો ૧૮.૭૦ ટકાથી ઘટી ૧.૫૦ ટકા જ રહ્યો છે. જો કે ક્રુડ તેલની આયાતની દ્રષ્ટિએ જુલાઈમાં રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત ઊંચી રહીને પ્રતિ દિન સરેરાશ ૨૮ લાખ બેરલ સાથે વિક્રમી સપાટીએ રહી હતી.

### નિફ્ટી 100 અને 500 કંપનીઓ હજુ પણ અનુભવી ડિરેક્ટરોને પ્રાધાન્ય આપે છે

# ભારતીય કંપનીઓના બોર્ડરૂમમાં યુવાનોના વર્ચસ્વમાં થયેલો વધારો

મુંબઈ

કોર્પોરેટ ઈન્ડિયાના બોર્ડરૂમ યુવાન થઈ રહ્યા છે, પરંતુ દેશની સૌથી મોટી લિસ્ટેડ કંપનીઓ હજુ પણ પાછળ છે. ડેટા અનુસાર, આ વર્ષે ૪ ઓગસ્ટ સુધીમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) પર લિસ્ટેડ કંપનીઓના ડિરેક્ટરોની સરેરાશ ઉંમર ઘટીને ૫૬.૫૪ વર્ષ થઈ ગઈ છે. દસ વર્ષ પહેલાં, ૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ, આ ઉંમર ૫૮.૯૨ વર્ષ હતી. ૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો દ્વારા રાખવામાં આવેલી બોર્ડ બેઠકોની સંખ્યા પણ ત્રણ ગણી વધી ગઈ છે. મોટી કંપનીઓ, એટલે કે નિફ્ટી ૧૦૦ અને નિફ્ટી ૫૦૦ કંપનીઓ, થોડી અલગ પરિસ્થિતિ ધરાવે છે. આવી કંપનીઓના બોર્ડ સભ્યો થોડા મોટી



ઉંમરના હોય છે. આ વર્ષની ૪ ઓગસ્ટ સુધીમાં, તેમની સરેરાશ ઉંમર અનુક્રમે ૬૧.૨૮ વર્ષ અને ૬૦.૫ વર્ષ હતી. આ સૂચવે છે કે મોટી કંપનીઓ વધુ અનુભવી ડિરેક્ટરોને પ્રાથમિકતા આપવાનું ચાલુ રાખે છે. આ વર્ષની ૪ ઓગસ્ટ સુધીમાં, એનએસઈ પર સૂચિબદ્ધ બધી ૩,૦૦૩ કંપનીઓમાં, ૪૦ વર્ષથી ઓછી ઉંમરના ડિરેક્ટરો ૨,૨૬૧ બેઠકો ધરાવે છે. ૩૧ માર્ચ, ૨૦૧૭ સુધીમાં, ૧,૫૭૭ કંપનીઓમાં આ સંખ્યા ૭૫૦ હતી. સ્વતંત્ર ડિરેક્ટરો માટે આ ફેરફાર વધુ સ્પષ્ટ છે. એનએસઈ કંપનીઓમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના સ્વતંત્ર ડિરેક્ટરોની સંખ્યા ૨૩૦ (૩૧ માર્ચ, ૨૦૧૭ સુધીમાં)થી ચાર ગણી વધીને ૧,૦૪૦ (૪ ઓગસ્ટ સુધીમાં) થઈ ગઈ છે. એકંદરે, એનએસઈ કંપનીઓમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના ડિરેક્ટરોનો હિસ્સો હવે ૧૦%ને વટાવી ગયો છે. એક દાયકા પહેલા આ ૬% હતો. તેવી જ રીતે, ૪૫ વર્ષથી ઓછી ઉંમરના ડિરેક્ટરોનો હિસ્સો ૧૧%થી વધીને લગભગ ૧૭% થયો છે. નિફ્ટી ૧૦૦ કંપનીઓમાં, ૪૦ વર્ષથી ઓછી ઉંમરના ફક્ત ૧૯ ડિરેક્ટર છે.

## ક્રૂડ ફરી ઉછળીને 84 ડોલર: ચાંદીમાં ઉંચા મથાળેથી ઘટાડો

- **ભારતમાં ઈરાકથી આયાતમાં બાર ગણા ઉંચા જહાજી ભાડા ચુકવાયા**

મુંબઈ

મુંબઈ ઝવેરીબજારમાં બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે વિશ્વબજાર પાછળ સોનાના ભાવમાં તેજી આગળ વધી હતી જ્યારે ચાંદીના ભાવ વધતા અટકી પ્રત્યાઘાતી ઘટાડા પર રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ ફરી વધી બેરલના ઉંચામાં ૮૪ ડોલરની સપાટી પાર કરી ગયાના સમાચાર હતા. ઈરાન- અમેરિકા વચ્ચે વાતચીતમાં હોર્મુઝ રુટ ખોલવાના પ્રશ્ને કદાચ મડાગાંઠ સર્જાવાની ભીતી જાણકારો દર્શાવી રહ્યા હતા. દરમિયાન, ભારતમાં ઈરાકથી ક્રૂડની ઈમ્પોર્ટના સોદા વધ્યા છે તથા બાર ગણા ઉંચા જહાજી ભાડાઓ આપીને સુપર ટેન્કરો બુક કરાઈ રહ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. હોર્મુઝ રુટ પર ઈરાન યુધ્ધ પૂર્વે દૈનિક ૧૨૫થી ૧૫૦ જહાજો પસાર થતા હતા પરંતુ હવે આવી અવરજવર નોંધપાત્ર ઘટી ગયાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૪૩૧૨થી ૪૩૧૩ ડોલરવાળા વધી છેલ્લે સપ્તાહના અંતે ૪૩૪૧થી ૪૩૪૨ ડોલર રહ્યા હતા. અમેરિકામાં જોબડેટા નબળા આવતાં ત્યાં હવે વ્યાજના દર વધવાની શક્યતા ઘટી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૦ તથા નીચામાં ૯૯.૪૦ થઈ છેલ્લે ૯૯.૬૦ રહ્યો હતો.

## માતા-પત્નીએ રડતાં રડતાં વેદના ઠાલવી

# 'બાળકો પિતાની રાહ જોવે છે' : 15 ઓગસ્ટે 198 માછીમારોને છોડાવવા પરિવારોની માંગ

અમદાવાદ

ગુજરાત સહિત દેશના 198 માછીમારો વર્ષોથી પાકિસ્તાનની જેલમાં બંધ છે, ત્યારે માછીમાર સંગઠનો દ્વારા 15 ઓગસ્ટે તેમને વતન પરત લાવવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વિદેશ મંત્રાલયને રજૂઆત કરી છે, જ્યારે પરિવારના સભ્યોએ રડતાં રડતાં પીએમ મોદી પાસે જેલમાંથી છોડાવવાની માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે, 198 માંથી 178 માછીમારોની સજા પૂર્ણ થઈ ચૂકી હોવા છતાં 5-5 વર્ષથી તેમને જેલમાંથી મુક્ત કરવામાં ન આવતા પરિવારોમાં આક્રંદ જોવા મળ્યો હતો અને અને આર્થિક મુશ્કેલીભર્યું જીવન વિતાવી રહ્યા છે.



**198 માંથી 178 માછીમારોની સજા પૂર્ણ થઇ ચૂકી હોવા છતાં 5-5 વર્ષથી તેમને જેલમાંથી મુક્ત કરવામાં ન આવતા પરિવારોમાં આક્રંદ જોવા મળ્યો**

મારા દીકરા અને ભાઈઓને છોડાવવામાં મદદ કરે: મંજુબેન બારિયા, ગીર સોમનાથ જિલ્લાના મંજુબેન બારિયાએ જણાવ્યું હતું કે, મારો દીકરો અને મારા બે ભાઈ ઉપરાંત સમાજના 10 લોકો અત્યારે જેલમાં છે. માછીમારી કરવા ગયા હતા કોઈ દાણચોરી કરવા નહીં. અમે સરકારને કહેવા માંગીએ છીએ મારા દીકરાની સજા પૂર્ણ થઈ હોય તો તેને છોડાવી વતન પરત લાવવામાં આવે. 5 વર્ષ થયા છતાં છોડવામાં આવ્યા નથી.

'મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવું છું' : રડતાં રડતાં મંજૂબેને કહ્યું હતું કે, તમામ તહેવાર પર ખૂબ યાદ કરીએ છે. મોદી સાહેબને વિનંતી છે કે, મારા દીકરા અને ભાઈઓને છોડાવવામાં મદદ કરે. ભારત સરકાર અમારી વાત સાંભળે. ગરીબ માણસો પણ તમારા કામ કરે છે. તેમને મત પણ આપ્યો છે. મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવું છું.

'ઘરની બધી જવાબદારી મારા માથે છે': ભાવનાબેન સોંલકી, ગીર સોમનાથના ઉનાના વતની ભાવનાબેન સોંલકીના પતિ મહેશભાઈ 6 વર્ષ પહેલાં માછીમારી કરતાં કરતાં પાકિસ્તાન જતા રહ્યા હતા. ઘર ચાલવતો વ્યક્તિ 6 વર્ષથી જેલમાં હોવાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. એક દીકરો 5 વર્ષનો અને એક દીકરો ધો.6માં અભ્યાસ કરે છે. રડતાં રડતાં ભાવનાબેને કહ્યું હતું કે, હું 350 રૂપિયામાં આખો દિવસ મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવવું છું. બાળકો નાના હોવાથી પાડોશીના ઘરે મૂકીને કામે જાઉં છું. ઘરની બધી જ જવાબદારી મારા માથે આવી ગઈ છે.

'દીકરા તહેવાર સમયે તેના પપ્પાને યાદ કરે છે' : વહેલી તકે છોડાવવા અમે હર્ષ સંઘવી સાથે મુલાકાત કરી છે. સરકાર પરત લાવે તેવી આશા રાખીએ છીએ. દીકરા પણ તહેવાર સમયે તેના પપ્પાને યાદ કરે છે. આજુબાજુના બધા બાળકો ફરવા માટે જાય, પરંતુ મારા દીકરાના પપ્પા જ ઘરે નથી તો કોણ તેમને ફરવા લઈ જાય. ઘરમાં પૈસા ન હોવાથી કોઈ વસ્તુ અપાવી શકતા નથી. તારા પપ્પા આવશે ત્યારે તને લઈ દેશે એવું કહીને ઘર ચલાવું છું.

## જેદ્દાહથી અમદાવાદ આવેલ

# મુસાફરના મળાશયમાં છુપાવેલી 422 ગ્રામ ગોલ્ડ પેસ્ટ ઝડપાઈ

અમદાવાદ

કતાર એરવેઝની ફ્લાઈટમાં આજે અમદાવાદ આવેલા એક મુસાફર પાસેથી અંદાજે 66 લાખનું સોનુ પકડાયું છે.મુસાફર ગોધરાનો રહેવાસી છે. મુસાફરની તલાશી લેવાતા શરીરના મળાશયમાંથી 422 ગ્રામ ગોલ્ડ પેસ્ટ મળી આવી હતી.

આ મુસાફર દાણચોરી કરીને કોના માટે સોનુ લાવ્યો હતો તે બદલ તેને કેટલી રકમ ચૂકવવામાં આવી હતી તે દિશામાં કસ્ટમ વિભાગે તપાસ હાથ ધરી છે.

પેસેન્જરની પ્રોફાઈલિંગના આધારે કસ્ટમ્સ અમદાવાદના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) ના અધિકારીઓએ કતાર એરવેઝની ફ્લાઈટ નંબર QR-534 દ્વારા દોહા થઈને જેદ્દાહથી અમદાવાદ આવેલા એક યુવાન મુસાફર સરફરાઝ માલા (ગુજરાતના ગોધરાના રહેવાસી, 24 વર્ષીય)ને અટકાવ્યા હતા. તપાસ દરમિયાન, આ મુસાફરના શરીરના મળાશયમાં 467.09 ગ્રામ સોનાની પેસ્ટ છુપાવેલી હોવાનું જણાયું હતું. ત્યારબાદ મળી આવેલી સોનાની પેસ્ટને 24 કેરેટ શુદ્ધતાના સોનાના બારમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, જેનું વજન 422.83 ગ્રામ હોવાનું જાણવા મળ્યું હતું. તેની બજાર કિંમત Rs. 65, 69, 087 હતું. કસ્ટમ્સ એક્ટ, 1962ની જોગવાઈઓ હેઠળ આ સોનાનો બાર જપ્ત કરવામાં આવ્યો હતો. કસ્ટમ્સ એક્ટ, 1962ની સંબંધિત



જોગવાઈઓ હેઠળ મુસાફર સરફરાઝ માલાની ધરપકડ કરીને પ્રાથમિક તપાસમાં તેને ગોધરાના અલ્તાફે 12,000 રૂપિયા આપ્યા હતા. છતાં તે અગાઉ હૈદરાબાદ અને મુંબઈથી ગયો હતો પણ પહેલી વખત તે સોનું લઈને આવ્યો અને પકડાયો હોવાનું જણાવ્યું છે.

## સ્થાનિક પોલીસ અડ્ડાઓ નથી જોઈ શકતી?

# ચાંદખેડામાં PCBએ ઘરમાં ચાલતા મોટા જુગારધામ પર રેડ કરી 7 જુગારીઓ પકડ્યા

### જુગારના દાવની રકમમાંથી અલગ-અલગ પોલીસકર્મીઓને નિયમિત હપ્તા/ભરણ પહોંચાડવાની ચર્ચાઓ જો સાચી હોય, તો ખાખી વર્દીની છબી ખરડાવા બદલ જવાબદારો સામે શું પગલાં લેવાશે?

અમદાવાદ

અમદાવાદના ચાંદખેડામાં PCBએ મોટા જુગારધામ પર દરોડો પાડી 7 આરોપીઓને ઝડપ્યા છે. ખોડિયાર નગર હાઉસિંગ બોર્ડના મકાન નં. 882/133માં વિક્રમસિંહ ઉર્ફે વિપુલ ઝાલા ચલાવતા આ અડ્ડામાંથી રૂ. 5.64 લાખનો મુદ્દામાલ જપ્ત થયો છે. સ્થાનિક પોલીસની રહેમનજર અને હપ્તાની ચર્ચાથી ચાંદખેડા પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.



ચાંદખેડામાં સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ ધમધમતા એક મોટા જુગારધામ પર PCBએ રેડ પાડી છે. રહેણાંક વિસ્તારમાં સ્થાનિક પોલીસકર્મીઓના કથિત પ્રોટેક્શનથી ચાલતા આ જુગારના અડ્ડાનો પર્દાફાશ થયો છે. દરોડા દરમિયાન 7 આરોપીઓ રંગેહાથ ઝડપાઈ ગયા છે અને રૂપિયા 5.64 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેના પગલે ચાંદખેડા પોલીસની કામગીરી અને મિલીભગત સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ચાંદખેડાના ખોડિયાર નગર હાઉસિંગ બોર્ડ ખાતે આવેલા મકાન નંબર 882/133ના પહેલા માળે વિક્રમસિંહ ઉર્ફે વિપુલ ઝાલા દ્વારા આ જુગારધામ ચલાવવામાં આવી રહ્યું હતું. સ્થાનિક ચર્ચા મુજબ, જુગારના દાવમાંથી એકત્ર થતી રકમમાંથી અલગ-અલગ પોલીસકર્મીઓને હપ્તા/ભરણ પહોંચાડવામાં આવતું હતું. 8 ઓગસ્ટના રોજ પીસીબીએ અચાનક પાડેલા દરોડામાં દાવ પરથી રોકડા 2,67,300, 8 મોબાઈલ ફોન, 3 ટુ-વ્હીલર તેમજ ગંજીપાના, લાઈટબિલ અને ગોદડી સહિત કુલ 5,64,300 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રહેણાંક વિસ્તારના એક મકાનમાં આટલા મોટા પાયે જુગારધામ ધમધમતું હોય, તો સ્થાનિક પોલીસને કે તેના બીટ ઈન્ચાર્જને આ અંગે જાણ કેમ ન થઈ?

# અમદાવાદમાં PGમાં રહેતી યુવતી પર સિક્યુરિટી ગાર્ડનો પંજો: સુરક્ષાના નામે ભક્ષક બનેલા આરોપીની પોલીસ ધરપકડ

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા જોધપુર વિસ્તારમાંથી એક હૃદયકંપાવી મૂકે તેવી અને મહિલાઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કરતી ઘટના સામે આવી છે. અહીં એક PGમાં રહીને અભ્યાસ કે નોકરી કરતી નિર્દોષ યુવતી સાથે સોસાયટીના જ સિક્યુરિટી ગાર્ડે દુષ્કર્મ આચર્યું હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જે રક્ષક તરીકે તૈનાત હતો, એ જ ભક્ષક બની જતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે રોષ વ્યાપી ગયો છે. ઘટનાની વિગત મુજબ, આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જોધપુર સ્થિત PGમાં રહેતી યુવતીને ઝાળમાં ફસાવી સિક્યુરિટી ગાર્ડે પોતાની હવસનો શિકાર બનાવી હતી. બનાવ બાદ પીડિતાએ હિંમત ભેગી કરી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. યુવતીની ગંભીર ફરિયાદના આધારે આનંદનગર પોલીસે તાત્કાલિક ગુનો નોંધી આરોપી સિક્યુરિટી ગાર્ડની અટકાયત કરી લીધી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપી ઘટનાના માંડ થોડા દિવસો પહેલાં જ સોસાયટીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરીએ લાગ્યો હતો. આરોપીનો ભૂતકાળ કેવો હતો અને તે ક્યાંથી આવ્યો હતો તેની કોઈ યોગ્ય ચકાસણી કરવામાં આવી હતી કે નહીં તે પણ તપાસનો વિષય બન્યો છે.

## એક પરિવારને જવાબદારી આપવાનો વિરોધ

# રથયાત્રામાં રથ ખેંચવા મામલે ખલાસી સમાજમાં વિવાદ! : પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ

અમદાવાદ

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને ખલાસી સમાજમાં વિવાદ સામે આવ્યો છે. ખલાસી સમાજના સભ્ય પ્રેમલ ચંદ્રકાંતભાઈ કોન્ટ્રાક્ટરે પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ કરી છે. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, રથયાત્રામાં રથ ખેંચવાની જવાબદારી એક જ પરિવાર અને એક જ જૂથને આપવામાં આવી રહી છે, જેને લઈને સમાજમાં વિરોધ છે.



ફરિયાદમાં જણાવાયું છે કે, ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં વર્ષોથી ખલાસી સમાજના લોકો રથ ખેંચવાની કામગીરી કરતા આવ્યા છે. રથ ખેંચનાર ખલાસી એસોસિએશનના પ્રમુખ મહેન્દ્રભાઈ મકતલાલ ખલાસ અને તેના પુત્ર કૌશલભાઈ મહેન્દ્રભાઈ ખલાસ દ્વારા રથ નંબર-2 અને રથ નંબર-3ની કામગીરી અંગે અન્ય ખલાસી ભાઈઓને સૂચનાઓ આપવામાં આવે છે.

વધુમા આક્ષેપ કરાયો છે કે, રથ ખેંચવાની કામગીરી દરમિયાન કેટલાક ખલાસી ભાઈઓને દબાણમાં રાખવામાં આવે છે અને તેની સાથે અયોગ્ય વર્તન કરવામાં આવે છે. 2025ની રથયાત્રા દરમિયાન રથ નંબર-3 અંગે થયેલા વિવાદનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદીનો દાવો છે કે આ સમગ્ર મામલે અગાઉ પણ ખલાસી સમાજના સભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. રથયાત્રામાં અમદાવાદ ઉપરાંત મુંબઈ, સુરત, વડોદરા, ખેડા, મહેમદાબાદ અને નડિયાદ સહિતના વિવિધ વિસ્તારોમાંથી ખલાસી સમાજના લોકો આવે છે. રથ ખેંચવાની કામગીરી માટે આ તમામ ખલાસી ભાઈઓને સાથે રાખવા અને યોગ્ય વ્યવસ્થા કરવા માગ કરવામાં આવી છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, રથયાત્રા દરમિયાન ખલાસી સમાજના ભાઈઓ વચ્ચે કોઈ ઘર્ષણ કે વિવાદ ન થાય તે માટે જવાબદારી યોગ્ય રીતે વહેંચવામાં આવે. સાથે જ, ભગવાન જગન્નાથજી મંદિરના ટ્રસ્ટ અને સંબંધિત તંત્ર દ્વારા સમગ્ર મામલે તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

## AMCની અનોખી અને ભાવનાત્મક પહેલ

# અમદાવાદના બહેરામપુરામાં પેટ ડોગ્સ માટે દેશનું આધુનિક CNG સ્મશાન કાર્યરત!



અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા (AMC) દ્વારા શહેરના પેટ ડોગ ઓનર્સ (પ્રાણીપ્રેમીઓ) માટે એક અત્યંત સરાહનીય અને ભાવનાપ્રધાન સુવિધાની શરૂઆત કરવામાં આવી છે. પોતાના પાળતુ શ્વાનને પરિવારના સભ્યની જેમ ઉછેરતા માલિકો માટે તેમના અશ્રુભીની વિદાયના ક્ષણોને માનસભર બનાવવા કોર્પોરેશને વિશેષ વ્યવસ્થા ઊભી કરી છે. AMCના CNCD (કેટલ ન્યુસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ) વિભાગ દ્વારા અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં સીએનજી (CNG) આધારિત અદ્યતન પેટ ડોગ સ્મશાન (Crematorium) તૈયાર કરવામાં આવ્યું છે. જ્યાં પાળતુ શ્વાનના મૃત્યુ બાદ પર્યાવરણને નુકસાન ન પહોંચે તે રીતે સીએનજી ભઠ્ઠીમાં તેમની સંપૂર્ણ સન્માનજનક અંતિમવિધિ કરવામાં આવી રહી છે.

સામાન્ય રીતે પાળતુ પ્રાણીના અવસાન બાદ તેમની અંતિમક્રિયા માટે શહેરી વિસ્તારમાં યોગ્ય જગ્યા ન મળતાં માલિકો ભારે વિમાસણમાં મુકાતા હોય છે. AMCની આ સુવિધાથી પેટ ડોગ માલિકો પોતાના વહાલા શ્વાનને ભાવુક વાતાવરણમાં સન્માનપૂર્વક વિદાય આપી શકે છે. બહેરામપુરા ખાતેનું આ સ્મશાન માત્ર ભાવનાત્મક રીતે જ નહીં પરંતુ પર્યાવરણની દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વનું છે.

## દાણીલીમડા પોલીસની રહેમનજર

# આંબેડકર બ્રિજ પાસે જોખમી રીતે ચાલતા ગેસ રિફિલિંગ રેકેટથી સ્થાનિકો ભારે ત્રસ્ત

- **શહેરના આંબેડકર બ્રિજ ખોડિયારનગર નજીક આવેલા ચામુંડાનગરમાં મોટા પ્રમાણમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરીને ગેસ સિલિન્ડરનો મોટો જથ્થો રાખવામાં આવતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે**

અમદાવાદ

આંબેડકર બ્રિજ નજીક આવેલા ચામુંડાનગરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ ચાલી રહ્યું છે. અહીં પ્રતિદિન 500 જેટલા સિલિન્ડરમાંથી ગેસ ચોરી કરીને ગ્રાહકોને ઓછા વજનના સિલિન્ડર અપાય છે. ગીતામંદિર બ્લાસ્ટ છતાં દાણીલીમડા પોલીસે કાર્યવાહી ન કરતા, સ્થાનિકોએ પોલીસ કમિશનરને ફરિયાદ કરી છે. આ જોખમી પ્રવૃત્તિથી મોટી જાનહાનિનો ભય છે.



શહેરના આંબેડકર બ્રિજ ખોડિયારનગર નજીક આવેલા ચામુંડાનગરમાં મોટા પ્રમાણમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરીને ગેસ સિલિન્ડરનો મોટો જથ્થો રાખવામાં આવતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગીતામંદિર વિસ્તારમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટની ઘટના બન્યા બાદ પણ દાણીલીમડા પોલીસે ચામુંડાનગરમાં ચાલતું ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ બંધ ન કરાવતા, આ અંગે પોલીસ કમિશનર સુધી રજૂઆત કરવામાં આવી છે.

અમદાવાદમાં બહેરામપુરા, સરખેજ, અસલાલી તેમજ આંબેડકર બ્રિજ પાસે આવેલા ચામુંડાનગરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ ચાલી રહ્યું છે. જેમાં ચામુંડાનગરમાં ખૂબ મોટા પ્રમાણમાં ગેસ રિફિલિંગ કરવામાં આવતા સ્થાનિક લોકો હવે તંગ આવી ગયા છે.

સ્થાનિક લોકોનો આરોપ છે કે ચામુંડાનગરમાં ગેસ એજન્સીમાં કામ કરતા કર્મચારીઓ રહે છે, જેઓ ગેસ સિલિન્ડરની ડિલિવરીની કામગીરી સાથે સંકળાયેલા છે. તેઓ ગેસ એજન્સીના સંચાલકોની મિલીભગતથી ગેસ સિલિન્ડર ગ્રાહકો સુધી પહોંચાડતા પહેલા ચામુંડાનગરમાં લાવે છે. ત્યાં સિલિન્ડરમાંથી ગેસની ગેરકાયદે ચોરી કરીને ઓછા વજનના સિલિન્ડર ગ્રાહકોને સપ્લાય કરવામાં આવે છે.

# જુહાપુરા-મક્તમપુરામાં પાણી-ગટર મુદ્દે કોંગ્રેસના કોર્પોરેટર સાથે ઝપાઝપી

### ધમકી આપતા હાજી અસરાર બેગે બે શખસ સામે ફરિયાદ નોંધાવી

અમદાવાદ

અમદાવાદના જુહાપુરા-મક્તમપુરા વોર્ડમાં પાણી અને ગટરની સમસ્યા અંગે રજૂઆત કરવા આવેલા લોકોમાંથી બે શખસે કોંગ્રેસના કોર્પોરેટર હાજી અસરાર બેગ અને મહિલા કોર્પોરેટર નૂરજહાં દિવાન સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝપાઝપી કરી હતી. આ દરમિયાન 'તને છોડીશ નહીં' કહી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં મામલો વેજલપુર પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. મક્તમપુરા વોર્ડના કોર્પોરેટર હાજી અસરાર બેગ, સાથી કોર્પોરેટર હિતેન્દ્ર પીઠડીયા અને મહિલા કોર્પોરેટર નૂરજહાં દિવાન વોર્ડ ઓફિસ ખાતે હાજર હતા. આ સમયે ફતેવાડી વિસ્તારના સ્થાનિકો પાણી અને ગટરની સમસ્યા મુદ્દે રજૂઆત કરવા આવ્યા હતા. રજૂઆત દરમિયાન મુનાફ શેખ અને મોહમ્મદ સિદ્દીક નામના બે શખ્સે 'તમે માત્ર વાતો કરો છો, કોઈ નિરાકરણ લાવતા નથી' તેમ કહી હોબાળો મચાવ્યો હતો.



કોર્પોરેટરોએ તેમને શાંતિથી વાત કરવા વિનંતી કરી છતાં બંને શખ્સો વધુ ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલા કોર્પોરેટર સહિત સૌ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી પર ઉતરી આવ્યા હતા. તેમણે જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરાઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલી વેજલપુર પોલીસે કોર્પોરેટરની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI